WEDNESDAY
૨૪-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા સુદ ૧૨
અંક : ૧૨૦
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂ. ૪

### ગુજરાતના રાજકારણમાં નવા સમીકરણો રચાયા : અન્ય પક્ષોની એન્ટ્રીથી ભાજપને શરૂઆતી લાભ પરંતુ લાંબા ગાળે નુકસાનની ભીતિ

# મહાનગરો ભાજપને નામ : કોંગ્રેસ લાપતા, આપની એન્ટ્રી

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પરિણામ આવી ગયું છે અને તમામ છ મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. અમદાવાદ, સુરત,રાજકોટ,વડોદરા,ભાવનગર અને જામનગરમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. કુલ ૫૭૬ બેઠકોમાંથી ભાજપને ૪૮૫, કોંગ્રેસને ૪૪ અને અન્યને ૩૫ વોર્ડમાં વિજય થયો છે. આમ ભાજપે ૪૮૧થી વધુ વોર્ડ જીતીને રેકોર્ડ સર્જ્યો છે. ભાજપે ગત ચૂંટણીનો રેકોર્ટ તોડી નાખ્યો છે. ૨૦૧૫ની ચૂંટણીમાં ભાજપે ૩૮૯ પર જીત મેળવી હતી.

કોંગ્રેસથી ફરી એકવાર મતદારોએ સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું છે. તમામ જગ્યાએ સ્થાનિક ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસના સૂપડા સાફ થયા ગયા હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તો સુરતમાં આમ આદમી પાર્ટીને સારી સફળતા મળી છે. મોંઘવારી, પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ સહિત સમગ્ર મુદ્દે કોંગ્રેસ મતદારોને પોતાના તરફ ખેંચવામાં નિષ્ફળ રહી છે.

કોંગ્રેસમાં આ હારથી ખળભળાટ મચી જવા પામ્યો છે અને રાજીનામાનો દૌર પણ શરુ થયો છે. અત્યાર સુધી અમદાવાદ, સુરત, રાજકોટ અને ભાવનગરના શહેર પ્રમુખોએ રાજીનામા ધરી દેતાં રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજ્ય ૧૪૪ વોર્ડની ૫૭૬ બેઠકો માટે ગત ૨૧મી ફેબ્રુઆરીએ મતદાન યોજાયુ હતું. જેમાં સરેરાશ ૪૫ ટકા જેટલું મતદાન થયું હતું.

આ વિજયને જોતાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને પાર્ટી પ્રમુખ સીઆર પાટીલના નેતૃત્વમાં યોજાય તેવી સંભાવના પ્રબળ બની છે. રાજ્યના શહેરી મતદારોએ ભાજપને મત આપ્યા છે એ દર્શાવે છે કે ગુજરાતના શહેરીજનો હજી પણ કોંગ્રેસને જાકારો આપી રહ્યા છે. રાજ્યના રાજકારણમાં કોંગ્રેસના વિકલ્પ તરીકે આમ આદમી પાર્ટી ઊભરી રહી છે. કોંગ્રેસની જો આવી જ કારમી હાર રહી તો ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપનો સીધો મુકાબલો કોંગ્રેસ સાથે નહીં, પરંતુ આમ આદમી પાર્ટી સાથે થશે.

શહેરી વિસ્તારોમાં કોંગ્રેસ વધુને વધુ કમજોર બનતી જાય છે. આ ચૂંટણીના પરિણામોની અસર ગ્રામ્ય વિસ્તારમાં આવી રહેલી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં થવાની પૂરેપૂરી સંભાવના છે. કોંગ્રેસ સળગતા મુદ્દાઓને જનતા સુધી લઈ જઈ શકી નથી. છેલ્લી ઘડીએ ટિકિટ આપવામાં આવતાં ઉમેદવારોને ચૂંટણી પ્રચાર તો ઠીક કોંગ્રેસના ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરવાનો સમય મળ્યો નથી, પરિણામે ઘણી બેઠકો ભાજપ બિનહરીફ જીતી ગયું છે. વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસનો કરુણ રકાસ થયા પછી મહાનગરોની આ ચૂંટણીમાં કોંગ્રેસને મોટી નામોશી મળી છે. તમામ છ મહાનગરોમાં ભાજપે ફરીથી સત્તા હાંસલ કરી છે. સ્થાનિક ચૂંટણીમાં હાર પછી વિપક્ષના નેતા અને પ્રદેશપ્રમુખ તેમના હોદ્દાને ટકાવી રાખવામાં સફળ થશે કે તેમ જ મોટું પ્રશ્નચિહ્ન છે. સામે પક્ષે કોંગ્રેસે નવસર્જન કરવું પડશે.



**સુરતમાં ભાજપને વિરોધ પક્ષ તરીકે હવે આમ આદમીનો ડર સતાવશે : ગુજરાતના તમામ શહેરોમાં આપને ગણનાપાત્ર મત મળતા ગુજરાતની રાજનીતિ કરવટ બદલશે**

### રાજકોટ

રાજ્યના સીએમ વિજય રૂપાણીના શહેર રાજકોટમાં ભાજપે કોંગ્રેસના સૂપડાં સાફ કરી દીધા છે. અહિંયા તો જાણે સ્ટ્રીમ રોલર ફરી વળ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. કુલ ૭૨ વોર્ડમાંથી ભાજપે ૬૮ વોર્ડમાં ઐતિહાસિક વિજય મેળવ્યો છે જ્યારે કોંગ્રેસને ફક્ત ૪ વોર્ડમાં વિજય પ્રાપ્ત થયો છે જ્યારે આપને એક પણ સીટ ન મળતા તમામ સમીકરણો ખોટા પડ્યા છે.

### સુરત

સુરત મનપામાં સત્તા જાળવી રાખવામાં ભાજપ સફળ ચોક્કસ થયું છે. પરંતુ અહિંયા આમ આદમી પાર્ટીએ અભૂતપૂર્વ દેખાવ કર્યો છે. કુલ ૧૨૦ બેઠકોમાંથી ભાજપે ૯૩ બેઠકો પર વિજય હાંસિલ કર્યો છે. અહિંયા સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે પાટીદારોના ગઢ સુરતમાં કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી નથી શકી. જ્યારે આમ આદમી પાર્ટીને ૨૭ બેઠકો પર વિજય મળ્યો છે.

### અમદાવાદ

અમદાવાદમાં પણ ભાજપે કોંગ્રેસના સૂપડા સાફ કરી દીધા છે. અમદાવાદ મનપામાં ભાજપનો મેયર બનશે તે નક્કી થઈ ગયું છે. વાત કરીએ તો ૧૯૨ સીટોમાંથી ભાજપે ૧૬૧ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે અમદાવાદમાં પણ કોંગ્રેસનો દેખાવ નિરાશાજનક રહ્યો છે. કોંગ્રેસને ફક્ત ૧૪ વોર્ડમાં જ જીત મળી છે. જ્યારે અન્યને ૧ વોર્ડમાં વિજય મળ્યો છે.

### ગુજરાતમાં આપ-બસપાની એન્ટ્રી

ગુજરાતના રાજકારણમાં આપની સાથે બસપાની પણ એન્ટ્રી થઈ. જામનગરમાં ૩ બેઠકો પર બસપાનો વિજય થયો છે. વોર્ડ નંબર ૬ માં એક બેઠક પર ભાજપ અને ૩ બેઠક પર બસપાની જીત થઈ છે. વોર્ડ નંબર ૬માં ભાજપનો ગઢ તૂટ્યો. ૩ બેઠક બહુજન સમાજ પાર્ટીને ફાળે ગઈ છે.

### વડોદરા

વડોદરામાં પણ ભાજપે જબરદસ્ત દેખાવ કર્યો છે. જેમાં કુલ ૭૬ બેઠકોમાંથી ભાજપે ૬૫ પર વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસને ૭ બેઠકો પર વિજય મળ્યો છે.

### જામનગર

જામનગર મહાનગરપાલિકામાં ભાજપે સત્તા જાળવી રાખી છે. જેમાં કુલ ૬૪ વોર્ડમાંથી ભાજપે ૫૦ વોર્ડમાં વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસને ફાળે ૧૧ અને અન્યના ફાળે ત્રણ વોર્ડ ગયા છે.

### ભાવનગર

ભાવનગર મનપામાં પણ કેસરિયો જ લહેરાયો છે. તેમાં કુલ ૫૨ વોર્ડમાંથી ૪૪ વોર્ડમાં ભાજપનો વિજય થયો છે. જ્યારે કોંગ્રેસને ફાળે ૮ વોર્ડ ગયા છે.

## એક દિવસના વિરામ બાદ ફરી પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૩

બે દિવસ સુધી શાંતિ પછી મંગળવારે તેલ કંપનીઓએ ફરીથી ડીઝલ અને પેટ્રોલના ભાવમાં વધારો કરી દીધો છે. આજે દિલ્હીમાં પેટ્રોલમાં ૩૫ પૈસા પ્રતિ લીટરના વધારા સાથે ૯૦.૯૩ રૂપિયાની કિંમતે પહોંચ્યુ છે. ડીઝલમાં પણ ૩૫ પૈસા પ્રતિ લીટરનો વધારો છે. દેશના અનેક શહેરોમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર થઈ રહ્યો છે. સોમવારે બ્રેંટ ક્રૂડ ૬૫ ડોલર પ્રતિ બેરલના સ્તરને પાર કરી ગયો. તેલના ભાવ દેશમાં રેકોર્ડ ઉંચાઈ પર ચાલી રહ્યાં છે. પ્રીમિયમ પેટ્રોલ તો પહેલાથી જ અનેક શહેરોમાં ૧૦૦ રૂપિયાને પાર વેચાઈ રહ્યો છે. હવે સામાન્ય પેટ્રોલ પણ રાજસ્થાનના શ્રીગંગાનગર, મધ્ય પ્રદેશના અનૂપપુર જેવા અનેક શહેરોમાં ૧૦૦ રૂપિયાને પાર વેચાઈ રહ્યું છે. પેટ્રોલની સાથે-સાથે ડીઝલની કિંમતો પણ આકાશને આંબી રહી છે. આજે ડીઝલમાં પણ ૩૫ પૈસાનો વધારો કરવામાં આવ્યો. આ મહિને ૧૩ દિવસોમાં આની કિંમત ૩.૮૪ રૂપિયાનો વધારો થઈ ચૂક્યો છે. નવા વર્ષમાં લગભગ દોઢ મહિનામાં ૨૪ દિવસ જ ડિઝલના ભાવ વધ્યા, પરંતુ એટલા દિવસોમાં જ ડીઝલ ૦૭.૪૫ રૂપિયા પ્રતિ લીટર મોંઘો થઈ ચૂક્યો હતો.

## ચૂંટણી પૂરી થતાની સાથે જ ચીન વિફર્યુ?? પેંગોંગ લેકથી હટાવેલા સૈનિકો રૂતોગમાં મુક્યા

(જી.એન.એસ.)બેઈજિંગ,તા.૨૩

ભારત અને ચીનની વચ્ચે લદ્દાખ સરહદ પર વિવાદ ખત્મ થવા પર છે અને હવે બંને દેશોની સેનાઓ પેંગોંગ લેકથી પાછળ હટી રહી છે. પરંતુ તાજેતરની સેટેલાઈટની તસવીરોનું માનીએ તો ચીને પેંગોંગ લેક પરથી જે સૈનિકોને હટાવ્યા છે અને તેમને આગળ જઈ રૂતોગ વિસ્તારમાં વસાવામાં આવી રહ્યા છે, જે પેંગોંગ લેકના બિલકુલ પૂર્વ છેડા પર છે.



આ વિસ્તારમાં ૨૦૧૯ની સાલથી જ કામ ચાલી રહ્યું હતું જ્યારે ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે વિવાદની શરૂઆત થઈ હતી. હવે આ બેઝ ભવિષ્યમાં કોઈપણ પ્રકારની ગતિવિધિ થવા પર ચીની સેના માટે એક બેકઅપની જેમ કામ કરી શકે છે.

આપને જણાવી દઈએ કે જે નવા વિસ્તાર એટલે કે રૂતોગમાં ચીની સેનાને વસાવામાં આવી રહ્યા છે તે પેંગોંગ ઝીલથી લગભગ ૧૦૦ કિલોમીટર અને મોલ્ડોથી ૧૧૦ કિલોમીટર દૂર છે. મોલ્ડો એ જ વિસ્તાર છે જ્યાં વિવાદ દરમ્યાન બંને દેશોની સેનાઓએ કેટલીય વખત વાતચીત કરી છે. રૂતોગના આ વિસ્તારમાં ૨૦૧૯થી જ સૈન્ય ગતિવિધિ વધી છે જેમાં રડાર સિસ્ટમ, જમીનથી હવામાં માર કરનાર મિસાઈલ, હેલિપોર્ટ, ટેક્ર ડ્રિલ્સ જેવી ગતિવિધિ સામેલ છે.

એવામાં પેંગોંગ ઝીલની પાસે થનાર ગતિવિધિઓમાં ચીન ભવિષ્યમાં તેનો ઉપયોગ કરી શકે છે.

## ઈન્દોરમાં ટેન્કર અને કાર વચ્ચે અકસ્માતમાં છ યુવાનોના મોત

(જી.એન.એસ.)ઈન્દોર,તા.૨૩

મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક રોડ એક્સિડેન્ડમાં છ મિત્રનાં મોત થયાં છે. તેઓ પાર્ટી કરીને પરત ફરી રહ્યા હતા. તેમની ફુલ સ્પીડે જતી કાર ટેક્રરની પાછળ અથડાઈ ગઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ડમ્પરનું સ્ટેપની તૂટી ગયું હતું અને કારની આગળ અને પાછળની સીટનો ભાગ લગભગ એકબીજાને ચોંટી ગયો હતો.

બે મિત્ર સીટ પરથી ઊછળીને બોનેટ પર આવી ગયા હતા. તેમાંથી કોઈનો હાથ તો કોઈનું માથું ધડથી અલગ થઈ ગયાં હતાં. આ દુર્ઘટના સોમવારે રાતે અંદાજે એક વાગે નિરંજન ચાર રસ્તા ઘટી હતી. તેઓ દેવાસ તરફથી આવી રહ્યા હતા. જોકે હજી એ સ્પષ્ટ નથી થયું કે તેઓ પાર્ટી કરવા ક્યાં ગયા હતા અને આ ઘટના કઈ સ્થિતિમાં ઘટી હતી. લસૂડિયા પોલીસના એસઆઇ નરસિંહ પાલે જણાવ્યું હતું કે કાર ખૂબ ખરાબ રીતે ડેમેજ થઈ ગઈ છે. એને ગેસ કટરથી કાપીને મૃતદેહો બહાર કાઢવા પડશે. કારમાં કુલ છ લોકો હતા. ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયાં છે. બે મિત્ર જીવતા હતા, પરંતુ તેમનાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયાં છે.




## એલન મસ્કની સાઈડ કાપી જેફ બેજોસ ફરી નંબર-૧

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૨૩

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓ એલન મસ્ક હવે દુનિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ રહ્યાં નથી. તેમની જગ્યા અમેરિકી ઈ-કોમર્સ કંપની અમેઝોનના ફાઉન્ડર જેફ બેજોસે લઈ લીધી છે. બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સ અનુસાર, જેફ બેજોસ હવે દુનિયાના સૌથી પૈસાદાર કારોબારી બની ગયા છે. એક ટ્વિટના કારણે એલન મસ્ક બીજા સ્થાને પહોંચી ગયા છે.ટેસ્લામાં સૌથી વધુ કડાકો સપ્ટેમ્બર બાદ જોવા મળ્યો.

## આત્મનિર્ભર ભારત ચીન પર નિર્ભર?? ચાઈના બન્યું નંબર-૧ ટ્રેડ પાર્ટનર

**મેઈડ ઈન ઈન્ડિયાની વાતો ફક્ત કાગળ પર જ?? કોરોના વેક્સિનના ઈન્જેક્શન પણ મેઈડ ઈન ચાઈના**

(જી.એન.એસ.)બીજિંગ,તા.૨૩

સીમા પર ચાલી રહેલા તનાવના પગલે ભારતમાં ચીનની પ્રોડક્ટસના બોયકોટનુ એલાન થયુ હતુ.એ પછી ભારત સરકાર પણ આત્મ નિર્ભર ભારત અભિયાન શરુ કરી ચુકી છે.

જોકે આ બધાની વચ્ચે વાસ્તવિકતા એ છે કે, હજી પણ ચીન ભારતનુ નંબર વન ટ્રેડ પાર્ટનર છે.ભારતની આયાત માટે ચીન પરની નિર્ભરતા હજી ઘટી હોય તેમ લાગતુ નથી.કારણકે ૨૦૨૦માં ચીન અમેરિકાને પછાડીન ફરી ભારતનુ ટોપ ટ્રેડ પાર્ટનર બની ગયુ છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે ભારત અને ચીન વચ્ચે ગયા વર્ષે ૭૭.૭ અબજ ડોલરનો દ્વિપક્ષીય વેપાર થયો હતો. જોકે ૨૦૧૯ની સરખામણીમાં વેપારનો આંકડો ઓછો છે.તે વખતે ૮૫.૫ અબજ ડોલરનો વેપાર થયો હતો.આમ છતા ચીન હાલમાં ભારતનુ સૌથી મોટુ ટ્રેડ પાર્ટનર છે. બીજી તરફ અમેરિકા અને ભારત વચ્ચે ૭૫.૯ અબજ ડોલરનો વેપાર ૨૦૨૦માં થયો છે. ચીનના રોકાણના પ્રસ્તાવોને મંજૂરી આપવાની પ્રક્રિયા પણ ધીમી કરી દેવામાં આવી છે. આમ છતા ભારત હજી પણ ભારે મશિનરી, ટેલિકોમ ઈક્વીપમેન્ટ અને હોમ એપ્લાયન્સીસ એટલે કે ઘર વપરાશના ઉપકરણો માટે ચીન પર ખાસી હદે નિર્ભર છે.

## ૨૧ માર્ચે કિસાનોના સમર્થનમાં કેજરીવાલ યોજશે મહાસંમેલન

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૩

આમઆદમી પાર્ટી ૨૧ માર્ચે પંજાબમાં ખેડુતો અને તેમના આંદોલનનાં સમર્થનમાં કિસાન મહાસંમેલન યોજશે. દિલ્હીના મુખ્યમંત્રી અને આપના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ પંજાબના બાઘા પુરાણમાં યોજાનારા સંમેલનમાં સંબોધન કરશે. આપના પ્રદેશ અધ્યક્ષ ભગવંત માન, પંજાબ વિધાનસભાના વિપક્ષી નેતા હરપાલસિંહ ચીમા, પક્ષના પંજાબના પ્રભારી જર્નાઈલ સિંહ અને સહ પ્રભારી રાઘવ ચઢ્ઢા સોમવારે અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરી. આપના પાર્ટીના તમામ કાર્યકરો અને પંજાબના તમામ ભાગોના લોકોને ખેડૂત મહાસંમેલનમાં આમંત્રિત કરવામાં આવશે. મીડિયાને સંબોધન કરતા આપ નેતાઓએ કહ્યું કે આમ આદમી પાર્ટી કાળા કૃષિ કાયદા તાત્કાલિક રદ થાય તેવું ઈચ્છે છે. આ મેગા કોન્ફરન્સ દ્વારા કેન્દ્રની મોદી સરકારને તાત્કાલિક ખેડૂતોની વાત સાંભળવા અને કાળા કાયદાઓને રદ કરવા સંદેશ આપવામાં આવશે. તેમણે કહ્યું કે 'આપ' એ પહેલો પક્ષ છે જેણે કાળા કૃષિ કાયદાને લગતા મુદ્દા પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે તેના પરિણામો રાજ્યના ખેડુતો માટે નુકસાનકારક છે.

## પેટ્રોલ-ડિઝલના ભાવ મુદ્દે ટેક્સ ઓછો કરવા આરબીઆઈ ગવર્નરની ભલામણ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૩

પેટ્રોલ ડીઝલના ભાવ ઓછા કરવા માટે હવે સરકારની અંદર પણ અવાજ ઉઠવા લાગ્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ, પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન બાદ હવે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંતા દાસે પણ ટેક્સ ઘટાડીને ભાવ કાબૂમાં લેવાનું સૂચન કર્યું છે.

આરબીઆઈ મોનિટરી પોલીસીના મિનિટ્સમાં શક્તિકાંતા દાસે કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી છે કે તેઓ ઈનડાઈરેક્ટર ટેક્સમાં કાપ મૂકે જેથી કરીને પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડી શકાય. તેમણે કહ્યું કે ટેક્સની 'કેલિબ્રેટેડ અનવાઈન્ડિંગ' કરવી જરૂરી છે. જેથી કરીને ઈકોનોમી ઉપરથી કિંમતોનું દબાણ હટાવી શકાય, એટલે કે ધીરે ધીરે ટેક્સ ઘટાડવો પડશે.

એમપીસીની મિનિટ્સમાં કહેવાયું છે કે ડિસેમ્બરમાં સીપીઆઇ એટલે કે રીટેલ મોંઘવારી દર ખાદ્ય અને ઈંધણને હટાવવા છતાં ૫.૫ ટકાથી ઉપર રહ્યો છે. કારણ કે ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને પેટ્રોલ ડીઝલ પર ઊંચા ઈન્ડાઈરેક્ટ ટેક્સના કારણે મુખ્ય સામાન અને સેવાઓની મોંઘવારી વધી ગઈ.

# વેરાવળમાં મનસુખ માંડવીયાની ઉપસ્થિતિમાં કોંગી કાર્યકરો અને આગેવાનો ભાજપમાં જોડાયા



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૨૩

કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ગીરસોમનાથનાં પ્રવાસે આવેલ હોઈ ત્યારે વેરાવળમાં તેઓએ વિજય વિશ્વાસ સંમેલનમાં હાજરી આપી જાહેર સભાને સંબોધી હતી અને વેરાવળ નગરપાલિકાના તમામ ૩૨ ઉમેદવારોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોટી લીડ સાથે ભવ્ય જીત હાંસલ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ વિજય વિશ્વાસ સંમેલનમાં વેરાવળ શહેર કોંગ્રેસનાં સક્રીય પાયાનાં આગેવાનોમાં શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ યજ્ઞેશ સીરોદરિયા (લાલો) શહેર કોંગ્રેસ સોશીયલ મીડીયા ઈન્ચાર્જ ખંજન જોશી, રોહિત મોહનાણી તેમજ સિંધી સમાજનાં યુવા કાર્યકરો દિનેશ સામનાણી, પરાગ સંગતાણી સહિતનાં ૩૦-૪૦ યુવાનો આજરોજ વિધીવત રીતે ભાજપમાં જોડાતાં તેમને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ ભાજપનો ભગવો પહેરાવી આવકાર્યા હતા. ચૂંટણીને ગણતરીનાં દિવસો બાકી હોઈ વેરાવળ શહેર કોંગ્રેસના પાયાનાં આગેવાનો અને તેમની આખી ટીમ ભાજપમાં જોડાતાં શહેર કોંગ્રેસમાં ભૂકંપ જેવો માહોલ. આ વિજય વિશ્વાસ જાહેર સભામાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા તથા જિલ્લા પ્રમુખ માનસિંહભાઈ પરમાર, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, જિલ્લા ભાજપ મંત્રી સવિતાબેન કમલભાઈ શર્મા, રાજસીભાઈ જોટવા, હરદાસભાઈ સોલંકી, ભાજપનાં અગ્રણીઓ, વેરાવળ નગરપાલિકાના ઉમેદવારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડામાં સી.આર. પાટીલ દ્વારા ભવ્ય બાઈક રેલી અને ચૂંટણી પ્રચાર સભા યોજાઈ



ચક્રવાત ટીમ મહિસાગર, તા.૨૩

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ ના નેતૃત્વમાં બાઈકરેલી સોનેલા ક્રિસ્ટલ સ્કૂલથી પ્રસ્થાન કરી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ કરવામાં આવી હતી અને આ રોડ શોમાં રસ્તા માં આવતી સંસ્થાઓ તેમજ દરેક સમાજના આગેવાનો દ્વારા પુષ્પવર્ષા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રેલી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પોહચતા સભા સ્વરૂપે ફેરવાઈ ગઈ હતી અને સાંસદ રતનસિંહ રાઠોડ તથા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા સહીત ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો તેમજ આગેવાનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ફુલ હાર તલવાર તેમજ ચાંદીનું કડું તથા જિલ્લા પ્રમુખ દ્વારા ચાંદીની ગણેશજીની મૂર્તિ અર્પણ કરવામાં આવી હતી. સી.આર.પાટીલ દ્વારા સભાને સંબોધતા જણાવ્યું હતું કે છ મહાનગર પાલિકામાં પણ ભાજપનો ભવ્ય વિજય થશે અને આવનારી ૨૮ તારીખે નગરપાલિકા તેમજ જિલ્લા તથા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી નો જંગી બહુમતીથી વિજય થશે અને તેઓએ કોંગ્રેસને આડે હાથ લેતા કોંગ્રેસ પર આકરા પ્રહાર પણ કર્યા હતા.

# રાજકોટમાં આજી નદીનો બેઠો પુલ ફરીથી કાર્યરત થતા પ્રજા હર્ષમાં



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૩

શહેરના વોર્ડ નં- ૬માં મોટો પ્રશ્ન ઉદભવી રહ્યો હતો, ત્યારે આ મોટા પ્રશ્નનું નિરાકરણ કરવા માટે સેવાકીય સંસ્થા કનૈયા ગ્રુપ આગળ આવીને કલેકટર આને કોર્પોરેશન ખાતે રજૂઆત કરવામાં આવી હતી જેને પગલે કનૈયા ગ્રુપની અને સ્થાનિક લોકોની આ રજૂઆત સફળ નિવળી છે અને વોડ નંબર ૬નો મોટો પ્રશ્ન પુરો થયો છે, કારણ કે કેટલાક સમયથી આજી નદીનો બેઠો પુલ જર્જરિત હાલતમાં હોવાથી સ્થાનિકોને તે રસ્તા પરથી પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી આ રજૂઆત પુલને રીપેર કરવાની કનૈયા ગ્રુપ દ્વારા અને સ્થાનિકો આ રજૂઆત કરવામાં આવી હતી જેથી આ બેઠો પુલ રીપેર થઈને ફરીથી કાર્યરત થઈ જતા હજારો લોકોની તકલીફ દુર થઈ ગઈ છે જે બદલ કનૈયા ગ્રુપ અને સ્થાનિકો સર્વેનો આભાર મને છે, ખાસ કરીને કોરપોરેશન અને વોર્ડના ચારેય કોરપોરેટર તમજ આ સમસ્યાને હલ કરવામાં મદદ કરેલ તમામ પ્રેસ મિડિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોહમ્મદ ઉંમર જાફર અલ્તાફની જોડિયા તાલુકાના મહા મંત્રી તરીકેની નિમણૂંક



ચક્રવાત ટીમ જોડિયા, તા.૨૩

જોડિયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજભાઈ કે. ભીમાણી. અને ટીમ દ્વારા હડિયાણા મુસ્લિમ સમાજના કાદરી મોહમ્મદ ઉંમર જાફર અલ્તાફની જોડિયા તાલુકાના મહા મંત્રી તરીકેની નિમણુંક આપવામાં આવેલ છે. તો હડિયાણા ગામના સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા અભિનંદન આપ્યા છે.

# ગીર સોમનાથ હિન્દુ સંગઠનના આગેવાનો દ્વારા છાછરના આરોપીઓને પકડવા કલેક્ટરને આવેદન



ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા. ૨૩

ગીર સોમનાથના કોડીનાર તાલુકાના છાછર ગામે RSS ના કાર્યકરો પર હિંસક હુમલાના વિરોધમાં ગીર સોમનાથ હિન્દુ સમાજના આગેવાનો-કાર્યકરોએ જય શ્રી રામના નારા બોલાવતા બોલાવતા રોષભેર જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. છાછરની ઘટનાને લઈ હિન્દુ સમાજમાં ઉકળતા ચરૂ જેવી સ્થીતિ ઉદભવી હોય તેને ઠારવા આરોપીઓને સત્વરે પકડી પાડી કડક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી.

ગીર સોમનાથ હિન્દુ સમાજના જીતુભાઈ કુહાડા, દેવાભાઈ ધારેચા, કાનભાઈ બામણીયા, ચંદ્રપ્રકાશભાઈ ભટ્ટ, દુષ્યંતભાઈ ભટ્ટ, હરદાસભાઈ સોલંકી સહિત ઈજીજી, વીએચપીના કાર્યકરોએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવેલ કે, જીલ્લાના કોડીનાર તાબાના છાછર ગામે તા.૧૯ અને ૨૦ ના રોજ હિન્દુ સંગઠનોના કાર્યકર્તાઓ રામ મંદિર નિર્માણ માટે નિધિ એકત્ર કરવાના અભિયાન માટે ગયેલ કાર્યકરો પર રાત્રીના સમયે ચોકકસ કોમના લોકોએ જીવલેણ હુમલો કરેલ હતો. જેમાં RSSના જીજ્ઞેશ પરમાર સહિતના કાર્યકરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ પ્રકારના બનાવો છાછર ગામમાં અવાર નવાર બને છે. હાલની હિંચકારો હુમલાની ઘટના સમગ્ર હિન્દુ સમાજને આઘાત પહોંચાડનારી છે. ભવિષ્યમાં આવી ઘટના ફરી ન ઘટે તે માટે પોલીસ યોગ્ય દિશામાં તપાસ કરી કસૂરવારોને કડક સજા અપાવે તે જરૂરી છે. છાછર ગામમાં સત્વરે કાયમી માટે એક પોલીસ ચોકી ઉભી કરવા માંગણી છે.

# ઉમલ્લા ખાતે ભાજપના ઉમેદવારોના સમર્થનમાં મનસુખ વસાવાની જાહેર સભા



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૨૩

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે ત્યારે રાજકીય ક્ષેત્રે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્રણે મુખ્ય રાજકીય પક્ષો કોંગ્રેસ બિટીપી તથા ભાજપા દ્વારા જાહેર સભાઓ યોજી મતદારોને રીઝવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભરૂચ જિલ્લાના ઉમલ્લા ખાતે દુ વાઘપુરા જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતોના ભાજપના ઉમેદવારોના સમર્થનમાં જાહેર સભા યોજાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે પ્રકાશ ભાઈ દેસાઈએ સાયરાના અંદાજમાં કોગેસ અને બિટીપી પર પ્રહારો કર્યા હતા. જિલ્લા પ્રમુખ મારુતિ સિંહ સાંસદ મનસુખ વસાવા તેમજ ભરત સિંહ પરમાર પોતાના સંબોધનમાં હાજર જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે ૨૫ વર્ષોથી ગુજરાતમાં ભાજપનું શાસન છે. હવે જોશથી નહીં પણ હોશથી કામ લેવાનો સમય છે. સમાજને એકત્રિત કરવાનું કાર્ય કરીએ એ જ બહુ મોટી સેવા છે. ભાજપના તાલુકા તેમજ જિલ્લા પંચાયત ના ઉમેદવારોને જીતાડવા અપીલ કરી હતી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ભાજપે સમાજના તમામ લોકોને વિવિધ યોજનાઓનો લાભ આપ્યો છે. ત્યારબાદ ભરૂચ ના સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે ભાજપ હંમેશા સૌનો સાથ સૌના વિકાસથી ચાલતી પાર્ટી છે. નરેન્દ્ર મોદી જ્યારથી ગાદી પર બેઠા ત્યારથી સમાજના તમામ વર્ગોના લોકોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપ્યો છે. મોદીએ શિક્ષણક્ષેત્રે પણ ભાર મૂક્યો છે. નવી શાળાઓ નિર્માણ કરવાનું પણ કામ કેન્દ્ર સરકારે કર્યું છે. તાલુકા જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપના તમામ ઉમેદવારોને જીતાડવા અપીલ કરી હતી. આયોજિત સભામાં નરેન્દ્રભાઈ વસવા, ઝઘડિયા ભાજપ તાલુકા પ્રમુખ, ઉપપ્રમુખ, તેમજ અતુલ ભાઈ રશ્મિ ભાઈ ભાજપના કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં ઉમલ્લા સહિત આસપાસના લોકો ઉમટી પડયા હતા.

# ૬ મહાનગરોમાં વિજય થતા વડિયા ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવાયો

### મુખ્ય બજારમા ફટાકડા ફોડી, મીઠાઈથી મોં મીઠા કરાવ્યા



ચક્રવાત ટીમ વડિયા, તા.૨૩

સમગ્ર ગુજરાતના મહાનગરોની ચૂંટણીમા ભાજપ, કોંગ્રેસ અને આપ સહીતના પક્ષ દ્વારા એડી ચોંટીનું જોર લગાવી મતદારોને રીઝવવાનો પ્રયત્ન કર્યો હતો. મતદારોએ પણ પોતાના પસંદગી ઉમેદવારને મત આપ્યા હતા. આ મતદાનની ગણતરી થતા સમગ્ર ગુજરાતમા ભાજપનો એક તરફી ગણી શકાય તેવો સમગ્ર મહાનગરોમા ભવ્ય વિજય થતા. તેની ઉજવણી વડિયા ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવ્યો હતો.

જેમાં મુખ્ય બજારમા ભાજપ કાર્યાલય પર ફટાકડા ફોડી પેંડા વેચી મોં મીઠા કર્યા હતા. આ કાર્યક્રમ વડિયા અને કુંકાવાવ બંને જગ્યાએ યોજાયો હતો. કુંકાવાવ ખાતે તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલ અંટાળા અને પૂર્વ પ્રમુખ નરેન્દ્ર પરવાડીયાના નેતૃત્વમા જ્યારે વાડીયામાં તાલુકા ભાજપ મંત્રી શૈલેષ ઠુંમ્મર, છગન ઢોલરીયા, અશ્વિન મહેતા, જિલ્લા પંચાયતના ઉમેદવાર વિપુલ રાંક, તુષાર ગણાત્રા સહીત મોટી સંખ્યામા કાર્યકરો દ્વારા વિજયોત્સવ માનવવામા આવ્યો હતો. આ ભવ્યવિજયથી ભાજપમા ખુશીની લહેર ફેલાઈ છે. અને કાર્યકર્તાઓ ગેલમા જોવા મળ્યા હતા.

# ઊનાના અમોદ્રા ગામે ગોચર જમીનમાં વૃક્ષોનું છેદન થતું હોવાની પ્રજામાં રાવ



ચક્રવાત ટીમ ઊના, તા.૨૩

ઊનાના આમોદ્રા ગામે માલીકીની જમીન બાજુમાં સરકારી ગોચર જમીનમાં વૃક્ષો આવેલા છે. આ ઝાડ વગર પરમીટે ગે.કા. કાપી છેદન કરવામાં આવેલ હોય આ અંગે ગે.કા. ઝાડ કાપનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા ધીરૂભાઈ કાનાભાઈ વાઢેળએ મામલતદારને લેખિત રજુઆત કરેલ છે. આમોદ્રા ગામના ધીરૂભાઈ કાનાભાઈ વાઢેળની માલીકીની જમીનની બાજુમાં ભગવાન માલાભાઈ જાદવે સરકારી ગોચરની જમીનમાં આવેલા લીમડા, બાવળના ઝાડ આવેલા હોય તેમાં પરમીશન વગર ઝાડ કાપતા હોવાથી ધીરૂભાઈ બાબતે સમજાવેલ તેમ છતાં ઝાડ કાપીને આ સરકારી ગોચર જમીનમાં દબાણ કરી પેશકદમી કરી લેશે તેવી ધીરૂભાઈએ મામલતદારને રજુઆત કરી તાત્કાલી યોગ્ય તપાસ કરી કાર્યવાહી હાથ ધરવા માંગણી કરેલ છે. આ ઉપરાંત ઉના સીમ વિસ્તારમાં સર્વે નં.૪૫૯ માં માલીકીની જમીન સંયુક્ત નામે હોય તેમાં આરક્ષીત વૃક્ષ તાળીયાના ઝાડ કાપી નાખનાર સામે યોગ્ય કાર્યવાહી કરવા સગી બહેનોએ મામલતદારને રજુઆત કરેલ છે. સંયુક્ત નામે આવેલ માલીકીની જમીનમાં લખમણ પાંચા, જોધા પાંચા, ભીખા ભીમા, નિલેશ રામજી, રાજુ પાંચાએ પરમીશન વગર ગે.કા. રીતે આરક્ષીત તાડીયાના ઝાડ કાપી નાખ્યા હોય આ તાડીયાનું નિકંદન કાઢવું હોય જેથી આ બાબતે સગી બહેનો ધનીબેન તેમજ મોંઘીબેન એ માલતદારને લેખિત રજુઆત કરી તાડીયા કાપી નાખનાર સામે યોગ્ય તપાસ કરી પગલા લેવા માંગણી કરેલ છે.

# ચોટીલામાં આજે સર્વ રોગ નિદાન, નેત્રમણી નિદાન તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

ચક્રવાત ટીમ ચોટીલા, તા.૨૩

ચોટીલાના જૈન અગ્રણી ભરતભાઈ ચંપકલાલ અજમેરાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે તારીખ ૨૪-૦૨-૨૦૨૧ના રોજ સ્વ. લાભકુંવરબેન અમૃતલાલ અજમેરા પરિવાર તથા શારદાનંદન વૈયાવચ કેન્દ્ર ચોટીલા અને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટના સંયુક્ત ઉપક્રમે નેત્રમણી નિદાન કેમ્પ તથા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન લાભ અમૃત એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, તાલુકા પંચાયત સામે, ચોટીલા ખાતે સવારે ૦૯:૩૦ થી ૦૪:૩૦ સુધી કરવામાં આવ્યું છે. જેમાં ડો. ગૌતમ તંબોલિયા(અમદાવાદ-એમ.ડી.), ડો. હર્ષ ઘોણીયા(રાજકોટ-એમ.ડી.), ડો. બંસીકુમાર મણવર(એમ.ડી.), ડો.તેજસ ચૌધરી(એમ.ડી.), ડો. કિશન પી. હાળવરા(એમ.એસ.), ડો. દેવાંગ શાહ(બી.ડી.એસ. ચોટીલા) સેવા આપશે. જેમાં તમામ રોગો જેવા કે સંધિવા, પક્ષઘાત, બ્લડ પ્રેશર, ગેસ, એસીડીટી તથા સ્ત્રીરોગ, હરસ, મસા, ભખંદર, ગાંઠ, કપાસી, ગુમડા વગેરે, ચામડીના રોગ, કબજિયાત, ગેસ, એસીડીટી, ડાયાબિટીસ વગેરેનું સચોટ નિદાન કરી સારવાર પણ મફત આપવામાં આવશે. તેમજ આંખના નમ્બર તેમજ ચશ્મા પણ આપવામાં આવશે. અને જીવન ઉપયોગી બ્લડ માટે રાજકોટ વોલયન્ટરી બ્લડ બેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે તો તમામ લોકોને વધુ માં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. વધુ માહિતી માટે દિનેશભાઈ અજમેરા મો. ૯૮૨૦૦ ૪૫૦૫૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# અમરેલી સિટી હોમગાર્ડ યુનિટની પરેડની મુલાકાત લેતા જીલ્લા કમાન્ડન્ટ



ચક્રવાત ટીમ અમરેલી, તા.૨૩

પરેડ દરમિયાન જવાનોને તાલીમ, સ્ટોર અને વહીવટ લગત માહિતી આપી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફરજ દરમિયાન શું કરવું અને શું ન કરવું એ બાબતનું માર્ગદર્શન આપેલ. એન.સી.ઓ.ને જરૂરી સૂચના આપી. આ તકે માન. મુખ્ય મંત્રી મેડલ મેળવનાર પિલુકિયાને અભિનંદન આપેલ. વેક્સિન અંગે વિગતવાર માહિતી આપી વેક્સિન લેનાર તમામને અભિનંદન આપેલ. લોક શાહીમાં મતદાન અચૂક કરવા અપીલ કરવામાં આવી. વેલ્ફર ફંડની યોજના અને મળતા લાભોથી જવાનોને માહિતગાર કરી નિયમિત ફંડ ભરવા સમજ આપી. આ તકે હોમ ગાર્ડ જવાનો તથા મહિલા સભ્યો તથા એન.સી.ઓ. હાજર રહેલ. તુષાર જોષીનાઓએ સંચાલન કરેલ અને વી. ડી. મારવાડીનાઓએ આભારવિધિ કરેલ.

# ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે અશોકભાઈની વરણી



ચક્રવાત ટીમ પ્રાચી, તા.૨૩

સુત્રાપાડા તાલુકાના નવા ગામના અશોકભાઈ બામણીયાની ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપ-પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાની સૂચનાથી ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનસુખભાઈ ગોહિલ દ્વારા ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપ-પ્રમુખ તરીકે અશોકભાઈ બામણીયાની સર્વ સંમતિથી વરણી કરવામાં આવી છે. જેમાં સુત્રાપાડા તથા તાલાળા ધારાસભ્ય ભગવાનભાઈ બારડ દ્વારા નિમણૂક પત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

# ૨૬મીથી મુંબઈ-મહુવા ટ્રેન શરૂ થતા સૌરાષ્ટ્રવાસીઓમાં આનંદની લહેર

ચક્રવાત ટીમ સાવરકુંડલા, તા.૨૩

આમ તો સાવરકુંડલા શહેર અને આસપાસના વિસ્તારોનાં ઘણાં લોકો છેલ્લા એકાદ સૈકાથી મુંબઈ ખાતે નિવાસ કરે છે અને તે પૈકીના ઘણા શ્રેષ્ઠીઓનું સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોમાં સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના વિકાસમાં પણ નોંધપાત્ર યોગદાન છે. પહેલાંનાં સમયમાં મુંબઈ જવું એટલે જાણે વિદેશ જતાં હોય તેવું લાગતું પરંતુ હવે તો મુંબઈમાં ગુજરાતીઓની ખાસ્સી વસ્તી છે. એટલે પોતાના સગા સંબંધી, મિત્રવર્ગને કે સામાજિક ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપવા પણ મુંબઈનાં અનેક લોકો સાવરકુંડલા અને આસપાસના વિસ્તારમાં આવનજાનવ કરતાં જોવા મળે છે. અને તબીબી સારવાર અર્થે પણ ઘણીવાર આવવા જવાનું થતું જોવા મળે છે. આપને યાદ હોય તો લોકડાઉન દરમિયાન પણ મુંબઈથી આખી સ્પેશ્યલ ટ્રેન પણ અનેક મુસાફરોને લઈને મહુવા સુધી આવી હતી અને એ રોમાંચક પળો પણ ઈતિહાસનાં પાનામાં કેદ થયેલી છે.

આમ તો જ્યારે અનલોકનો લાંબો સમય વિત્યા પછી પણ હજુ સુધી આ વિસ્તારમાં યાત્રી ટ્રૈન વ્યવહાર બંધ જ છે. જો કે યાત્રી ટ્રેન વ્યવહાર પુનઃ ચાલુ કરવા માટે સાવરકુંડલા શહેરનાં ગ્રાહક સુરક્ષા મંડળ, અમરેલી જિલ્લા ચેમ્બર્સ ઓફ કોમર્સ, કાંટાં એસોસિયેશન, અમરેલી જિલ્લાનાં સાંસદ તેમજ વ્યક્તિગત રજૂઆતો પણ તંત્રને આ ટ્રેન વ્યવહાર પૂર્વવત કરવા માટે અવારનવાર અખબારી માધ્યમો દ્વારા પણ કરવામાં આવી હતી. આમ તો હજુ કોરોનાનું સંક્રમણ હજુ થંભ્યું તો નથી. છતાં જીવન નિર્વાહ અને આર્થિક વિકાસ માટે પણ વાહનવ્યવહાર પૂર્વવત થાય તે ઈચ્છનીય પણ છે. જો કે દેશનાં ઘણાં રાજ્યોમાં સંક્રમણનો ગ્રાફ ઊંચે જઈ રહ્યો છે અને ખાસ કરીને મુંબઈ અને મહારાષ્ટ્રનાં અમુક શહેરોમાં તો એવું લાગે છે કે સંક્રમણની બીજી લહેર શરૂ થઈ રહી હોય આવા તબક્કે મુંબઈ જવા આવવા માટે પણ ખૂબ જ સાવધાની રાખવી તો પડશે. અને મહુવા ભાવનગર, તેમજ મહુવા ધોળાનો ટ્રેન વ્યવહાર પણ શરૂ થાય તો આમજનતાને આ મોંઘવારીનાં યુગમાં થોડી રાહત મળે એવુ પણ લોકો ઈચ્છી રહ્યા છે. આમ તો આ કોરોના સંક્રમણથી બચવા માટે સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવું પણ ખૂબ જ જરૂરી છે. જો કે આ સંદર્ભે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે કોવિડ ગાઈડલાઈનસનું ચુસ્ત પાલન કરવું પણ અતિ આવશ્યક છે. વળી બાળકો કે સિનિયર સિટીઝન અંગે પણ ખૂબ જ કાળજી રાખવી પડશે. એટલે મુસાફરી કરતી વખતે અતિ ઉન્માદમાં આવ્યા વગર ખૂબ જ સજાગ અને સતર્ક રહેવું એ પણ એટલું જ જરૂરી છે.

આ અંગે થોડી જાગૃતિ પણ કેળવવી પડશે..કારણ કે કોરોના સંક્રમણથી બચવા માટે કોવિડ ગાઈડલાઈનસનું ચુસ્ત પાલન એ જ ઈલાજ છે. હજુ રસીકરણ કામગીરી ચાલુ છે પરંતુ સંપૂર્ણરીતે આ કામગીરી પૂર્ણ થતાં ખાસ્સો સમય લાગશે.. એટલે આનંદને સિમિત રાખી દેશને સ્વસ્થ રાખવા માટે પણ સાવધાની ખૂબ જ આવશ્યક છે.

તંત્રીસ્થાનેથી......

# દેશમાં કોરોના ફરી ફૂંફાડો મારે એ પહેલાં ચેતી જવું પડશે...

થોડા દિવસો પહેલાં કોરોનાના ઘટતા આંકે દેશમાં રાહતની લહેર પ્રસરાવી હતી. એકતરફ રસીકરણ શરૂ થઇ ચૂક્યું છે, કેન્દ્રીય આરોગ્યમંત્રીના નિર્દેશ મુજબ થોડા સમયમાં જ ૧૮થી ૨૦ રસીના વિકલ્પ બજારમાં ઉપલબ્ધ બનશે. આવા ઘટનાક્રમથી માહોલ એવો રચાયો કે કોરોના સામેનો જંગ આપણે જીતી લીધો છે, પરંતુ આ સંક્રમણને નષ્ટ કરવું એ મોટો પડકાર છે. શનિવારે દેશમાં ૧૪ હજાર જેટલા નવા સંક્રમિત નોંધાયા. સતત ૨૨ દિવસ ઘટાડાના ટ્રેન્ડ પછીનો આ ઉછાળો ચોંકાવનારો લાગે તેમ છે. મુંબઈમાં અને મહારાષ્ટ્રનાં અન્ય કેટલાંક શહેરોમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું છે. વિદર્ભમાં કોરોનાનું સંક્રમણ વધતાં અમરાવતી, અકોલા, યવતમાળ અને વર્ધા જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. વાશીમ અને બુલઢાણા જિલ્લામાં પ્રતિબંધનાત્મક આદેશનું કડક પાલન કરવામાં આવી રહ્યું છે. રાજ્યના જળ સંપત્તિમંત્રી જયંત પાટિલ, જલગાંવ જિલ્લાના રાવેરના સાંસદ રક્ષા ખડસે, રાષ્ટ્રવાદી નેતા એકનાથ ખડસેને પણ કોરોના આભડી ગયો છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ભરખાઇ ગયા. મુંબઈમાં કોરોનાના દર્દીઓનો આંક ચિંતાજનક ઝડપે વધતો જતો હોવાથી પાલિકાએ માસ્ક વિના ફરતા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે. કોરોના ટાળવાના નિયમોનો કડકપણે અમલ થાય તે માટે વિવિધ સ્તરે સત્તાધીશોએ કમર કસી છે. ગયા વર્ષની સ્થિતિ ઉદ્ભવે નહીં તે માટે મુંબઇ જ નહીં સૌરાષ્ટ્ર-ગુજરાત સહિત દરેક જગ્યાએ વધુ કડકાઇ દાખવવાની જરૂર છે.


યાકુબ બાદી
તંત્રી

વાસ્તવમાં કોરોના આવ્યા પછી બધા વૈદકીય નિષ્ણાતો હવે આપણે જીવનશૈલી બદલવી જ પડશે એવી ચેતવણી વારંવાર આપતા આવ્યા છે. બહાર ફરતાં માસ્ક પહેરવો, વારંવાર હાથ ધોવા એ બે સાદી બાબત પણ જો આપણે ન શીખીએ તો ગમે તેટલી વેક્સિન આવે તો પણ કોરોના જવાનો નથી તેની સમાજે ગંભીર નોંધ લેવી ઘટે. બાકીના ભારતમાં કોરોનાના આંકડા નીચે આવી રહ્યા છે ત્યારે મહારાષ્ટ્ર જેવું પ્રગતિશીલ, સુરક્ષિત અને સુવ્યવસ્થિત ગણાતું રાજ્ય ચિંતા વધારી રહ્યું છે. નાગરિકો બહાર ફરવાના નિયમોનું પાલન નહીં કરે તો આવતીકાલે એક બાજુ રસીકરણ અને બીજી બાજુ દર્દીઓની વધતી સંખ્યા એવો બેવડો પડકાર આરોગ્ય વ્યવસ્થા સામે ઊભો થવાનો ભય છે. જે રસીકરણ ચાલુ થયું છે તે અભિયાન દેશના છેવટના માણસ સુધી પહોંચતાં હજી કેટલાક મહિના લાગી શકે છે. તેમ જ રસી બે વેળા લેવાની છે. રસીકરણ શરૂ થયા પછી પણ દર્દીઓની વધતી સંખ્યા ચિંતામાં વધારો કરનારી છે. આજે પણ કોરોનાનો પ્રસાર રોકનારી કોઈ સામૂહિક પ્રતિકારશક્તિ નિર્માણ થઈ નથી. મહારાષ્ટ્ર અને ખાસ કરીને મુંબઈમાં લગ્ન નિમિત્તે એકઠી થતી ગિરદી પર પાલિકાએ જે નિયંત્રણો લાદ્યાં છે અને કોરોનાને લગતા નિયમોનું કડકાઈથી પાલન કરવાનું શરૂ કર્યું છે તે આવકારણીય છે. ગુજરાતમાં આ મામલે બેફિકરાઇ જોવા મળે છે. કદાચ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આ માટે જવાબદાર હોઇ સરકાર જનતાને કદાચ નારાજ કરવા માગતી નથી. લગ્ન સમારંભ, સામાજિક પર્વ, સંમેલન, રાજકીય મેળાવડા અને પર્યટન એ બધું હવે પહેલાની જેમ મનાવી શકાશે નહીં એ સમાજે સમજી લેવું જોઈએ. ગુજરાતમાં પણ કેસ વધ્યા અને સરકારે અગમચેતી રૂપે કોરોના ટેસ્ટ બુથ ફરી શરૂ કર્યા છે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....



ઘ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

# 'Krossing ગર્લ'

રવિ વિરપરીયા

### પ્રકરણ ૭૩

ડર.....બીક......ભય....

સાગર દુનિયાની દરેક સમસ્યાનું મૂળ આ એક માત્ર બાબતને માનતો. તમે પરિસ્થિતિના ડરનો સામનો કરી લો એટલે વગર કશું કર્યે અડધી બાજી જીતી ગયેલા હોવ છો. આમ તો હું નીડર હતો. પરંતુ ઈમરજન્સી પરિસ્થિતિમાં માનવ સહજ ભય લાગવો સ્વાભાવિક હતો. બસ, આવી દરેક અણધારી આફત માટે સાગર મને તૈયાર કરવા માંગતો હતો. એની ટ્રેનીંગના ભાગરૂપે સાગરે મને પાણીમાં ધક્કો માર્યો હતો. હું કોશતરો હતો. મિન્સ કે થોડું તરીને ઢબીને કિનારે પહોંચી શકતો.

પાણીમાં પડતાં જ મારા બડબડીયા બોલી ગયા. કુદરત તમને અમુક સ્કિલ જન્મજાત આપે છે. એમાની એક તરવાની છે. મારા હાથપગ ખુદને બચાવવા સ્વાભાવિક રીતે ચાલવા માંડયા. થોડીવારમાં મેં ખુદ પર કાબુ મેળવ્યો. પણી ડોહળું હોય અંદર કશું દેખાતું નહોતું. માંડ કરીને હું શ્વાસ લેવા માટે મારો ચહેરો બહાર કાઢી શક્યો. એટલામાં થોડે દૂર એક હોડી નજર આવી. મેં હતું એટલું જોર લાગવી એ દિશામાં તરવાનું શરૂ કર્યું.

પણ મારે સામા વ્હેણે તરવાનું હતું. હું પાંચ ફૂટ આગળ જાવ ત્યાં સામેથી આવતાં પાણીના ધક્કાને લીધે દસ ફૂટ પાછળ ધકેલાતો હતો. બચવાની કોઈ શકયતા દેખાતી નહોતી. મને આજે નજર સામે મોત દેખાઈ રહ્યું હતું. સાગરની વાત સાચી લાગતી હતી. એક ક્રિષ્ના ના હોય તો દુનિયાને કશો ફર્ક પડવાનો નહોતો. અચાનક મને કશું યાદ આવ્યું. હું ઉપરથી પડ્યો ત્યાંથી કાંઠો બહુ દૂર નહોતો. સાલું આ કેમ મગજમાંથી નીકળી ગયું. મેં પીઠ ફેરવીને જોયું. થોડે દુર પથ્થર પર એક માનવ આકૃતિ બેઠેલી દેખાઈ. વરસાદને ચાલુ હોવાને લીધે બહુ દૂરનું સ્પષ્ટ જોઈ શકાતું નહોતું. મને બચવાની આશા જાગી.એ બાજુ જવામાં મને પાણીની થોડી મદદ મળી શકે એમ હતી. હું બે - ત્રણ વિસામે ઢબતાં ઢબતાં તે પથ્થર પાસે પહોંચ્યો.

BC.......મારા મોઢામાંથી અનાયાસે ગાળ નીકળી ગઈ. સાગર પથ્થર પર બેઠો બેઠો કેરી ખાઈ રહ્યો હતો. મને જોઈને બોલ્યો. "હાય, કાનજી પટેલ, તું તો ધાર્યા કરતાં વહેલો કાંઠે પહોંચી ગયો ?"

"સાગર, તું રાક્ષસ છે. રાક્ષસ... તારામાં દયા માણસાઈ જેવું કશું નથી." હું માંડ કરીને તળાવને કિનારે પહોંચતા બોલ્યો.

"જો મારામાં દયા ના હોત તો તું અત્યારે જીવતો ના હોત. લાઈફની થિયરી અને પ્રેક્ટિલ રુલ્સ અલગ છે. એ તને આગળ જતાં સમજાય જશે." તેને મને જ્યુસની એક બોટલ આપતાં કહ્યું.

"સાગર, તું આટલી હદે કેમ જઈ શકે ? યાર, હું મરી ગયો હોત તો ? અને તું તો જાણે એમ વર્તે છે કે કંઈ બન્યું જ નથી. તને ખબર છે. એકવાર તો મને લાગ્યું હું મરી જઈશ." હું મારી જાતને નોર્મલ કરતાં બોલ્યો.

"કાના, તું જીવતો છે વર્તમાન છે. મરી ગયો હોત તો ? એ ભૂતકાળ હતો. ડોન્ટ વરી આ આગળ પર મરવા માટે ઘણાં કારણો મળશે. જીવતા રહેવાની અને જીતતા શીખવાની ટેવ પળવા માંડ. દુનિયા ડગલેને પગલે તને મારવા અને હરાવવા તૈયાર બેઠી છે. અટકવું હોય તો અટકી જા. લે આ જ્યૂસ. પીને ઉપર ચડી જા.અને આગળ વધવું હોય તો મારી સાથે મરજીવો બનીને સામા પુરે તરી હોડી સુધી પહોંચવા માટે તૈયાર થઈ જા. બાકી મારી પાસે આવી ફાલતુ ચર્ચા માટે સમય નથી." તેને જ્યુસની બોટલ મને આપી. પાણી જાણે તેની પ્રેમિકા હોય તેમ તેને આલિંગન આપવા બે હાથ પહોળા કરી તેના બાહુપાશમાં સમાય ગયો.

થોડીવાર પછી હું સાગર જોડે હું પણીમાં તરવાની અલગ અલગ ટેકનિક શીખી રહ્યો હતો. સાગરની ભાષામાં કહું તો જીવતાં શીખી રહ્યો હતો

★ ★ ★ ★ ★

"મારા વ્હાલા ભાઈઓ અને બહેનો...

દુનિયાના સહુથી મોટા 'રક્ષાબંધન' ફેસ્ટિવલમાં આપનું સ્વાગત છે.

આજનું 'રક્ષાબંધન પર્વ' ફક્ત ભારતના નહીં પરંતુ દુનિયાના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખશે. કદાચ ભવિષ્યમાં કદી ના તૂટી શકનારો રેકોર્ડ આજે પોતાના નામે કરશે. અગિયાર હજાર એક સોને અગિયાર રાખડી. જી હા.... આઈ રિપિટ અગિયાર હજાર એકસોને અગિયાર રાખડી......

....ઓનું રક્ષાસૂત્ર બહેન દ્વારા ભાઈના કાંડે આ અનોખા પ્રેમપર્વમાં બાંધવામાં આવશે. આપણાં દેશના જ નહીં પરંતુ દુનિયાના સહુથી પવિત્ર તહેવારની 'સ્પેશ્યલ મૉમેન્ટ્સ' ના સ્પેશ્યલ કવરેજમાં હું ઈત્ર નંદિની ગ્રાન્ડ કદ્ર વતી આપ સહુનું ગરવા ... ગિરનારની ગોદમાંથી આપનું હાર્દિક સ્વાગત કરું છું.

'ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ' ની ટીમ પણ અહીયા આવી પહોંચી છે. સાથે દુનિયાના દરેક દેશનું મીડિયા પણ. ઓલમ્પિકમાં દુનિયાનો દરેક દેશ ક્વોલિફાય નથી થઈ શકતો. પણ આ અનોખી "રક્ષાબંધન ફેસ્ટિવલ" માં દુનિયાના દરેક દેશ વગર કોઈ રાઉન્ડે ક્વોલિફાય થઈને 'સુવર્ણ ચંદ્રક' પોતાના નામે કરશે. દરેક દેશના એક ભાઈ અને એક બહેન હાજરી આપી રહ્યા છે. આજે તળેટીમાં ઉમટેલો માનવ મહેરામણ તમે જોઈ શકો છો.

સહુ પ્રથમ આપણે મળીએ આ ઈવેન્ટના આયોજક એવા 'સ્ક્યુબ રાઈડ' ગ્રુપના સર્વેસર્વા અભિમન્યુ મોદીને જાણીએ તેમની પાસેથી આ ઈવેન્ટની સફર વિશે. લેટ્સ સમ ઈન્ટરેસ્ટિંગ ટોક વિથ માય બેસ્ટ ફ્રેન્ડ અભિમન્યુ.

"અભિમન્યુ......આ ખાસ ઈવેન્ટની બર્થ મોમેન્ટ કંઈ હતી ?" નંદિનીએ સવાલ પૂછવાના શરૂ કર્યા.

" હું બે વર્ષ પહેલાં બ્રાઝિલના રિયો ફેસ્ટિવલમાં ગયેલો. એ દેશના લોકોનો પોતાના તહેવાર અને કલ્ચર અંગેનો લગાવ જોઈને હું ઘણો પ્રભાવિત થયો.. આવું જ મેં બીજા ઘણાં દેશોમાં નોટિસ કરેલું. આપણી જેમ તેમના તહેવારો 'ઓલ્ડ ફેશન' કે મોનોટોનસ નહોતાં થતાં. મને લાગ્યું આપણી પાસે અમુક તહેવારો અદ્ભૂત છે. જેનો કન્સેપટ દુનિયામાં અજોડ છે. એમનો એક તહેવાર એટલે ... રક્ષાબંધન." અભિમન્યુ એ જવાબ આપ્યો.

"વાવ, તમે તો બ્રાઝીલથી ઈંસ્પીરેશન લઈ આવ્યા. વોટ નેક્સ્ટ...મિન્સ કે તમને લાગ્યું રક્ષાબંધન ઉજવવો જોઈએ. બટ આ ગિરનાર જોડે એનો સંબંધ કેમ બંધાયો...અમને એ જાણવાની બહુ ઈન્તેજારી છે." નંદિની આજે મસ્ત મૂડમાં હતી.

"બહુ સરસ સવાલ છે. જેનો જવાબ મને ગમે તેટલીવાર પૂછાય તો પણ આપવો ગમે છે. એક્ચ્યુઅલી આપણાં તહેવાર પાછળનું કારણ જાણશો તો તેનું દરેક સાથે ધર્મ, ઋતુ અને વિજ્ઞાન સાથે જોડાણ હશે. લોકોને એ જાણવમાં રસ નથી. એમને બસ કશું યુનિક અને મોજ પડે એવું જોઈએ. અમે તહેવારો બોરિંગ બનવા પાછળના કારણોનું એનાલિસિસ કર્યું. અમારે તહેવારોની ઓરીજનલ ફ્લેવર જાળવીને કશુંક નવું કરવું હતું. હું ખુદ ગિરનારની ગોદમાં ઉછરેલું સંતાન છું. મને થયું રક્ષાબંધન અને ગિરનાર બંને પોતાની રીતે અધ્યાત્મ તથા પવિત્રતાની શ્રેષ્ઠ ઉંચાઈ ધરાવે છે. તો આ તહેવારને ગિરનાર સાથે જોડી દઈએ તો ? દોઢ મહિના પહેલાં આથમતી વિચાર સુઝેલો.

અને પરિણામ તમારી સામે છે." અભિમન્યુએ સહજતાથી કહ્યું.

"તમે જ્યારે આ સેલિબ્રેશનની જાહેરાત કરેલી ત્યારથી હું બહુ એક્સાઈટેડ હતી. બાય ધ વે, વિચાર આવવો અને અમલમાં મુકવો એ સાવ જુદી વાત છે. ફક્ત ૪૫ દિવસમાં દુનિયાના દરેક દેશને આમાં સામેલ કરવો ? આ જર્ની વિશે શું કહેશો ?" નંદિની પોતાની ફ્રેન્ડશીપનો લાભ ઉઠાવી અભિમન્યુ પાસે દરેક કોઠા વીંધાવી રહી હતી.

"એ બહુ ટફ ટાસ્ક હતો. જો કે અમારી યોજના ફક્ત દેશના રાજ્યોને સામેલ કરવાની હતી. પરંતુ કેટલાંક NRI એ ઈવેન્ટમાં ભાગ લેવાની ઈચ્છા દર્શાવી. અમારી પાસે ટીમ હતી. નેટવર્ક હતું. જાહેરાત થયા પછી ઘણી સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા સહયોગ મળી રહ્યો હતો. અમારો કોન્ફિડન્સ બીલ્ટઅપ થયો. ત્યારબાદ બધાની ઈચ્છા અને ઉત્સાહ જોતાં ઈવેન્ટને વર્લ્ડ લેવલે લઈ જવાની જાહેરાત કરી. એક વિકમાં બહુ એટલે બહુ ટફ રહ્યું. કારણ કે ફોરેનના અમુક કન્ટ્રી સાથે કેમ વાતચીત કરવી અને આ ઈવેન્ટ વિશે કેમ સમજાવવું એની કંઈ સૂઝ પડતી નહોતી. આ સમયે ગવર્મેન્ટે અમને બહુ હેલ્પ કરી." અભિમન્યુનો ચહેરો કોઈ અજબ સંતોષથી ખીલી રહ્યો હતો.

"કાશ, હું પણ તમારી ટીમનો હિસ્સો હોત. હવે આ ઈવેન્ટનો હિસ્સો બનીને સંતોષ માનવો રહ્યો. લાસ્ટ ટુ કવેશ્ચન...... દુનિયાના અનેક ફિલ્ડના સેલિબ્રિટી આ ઈવેન્ટનો હિસ્સો બનવાના છે. ફર્સ્ટ ટાઈમ આવડું મોટું આયોજન એ પણ આવી નેચરલ પ્લેસ પર. તમે આ કંઈ રીતે મેનેજ કર્યું ?" નંદિનીએ પૂછ્યું.

"જ્યારે દેશના અને ફોરેનના અનેક કલાકારો અને ખેલાડીઓ એ સામેથી જોઈન કરવાનો ઉત્સાહ બતાવ્યો ત્યારે ....અમારા આનંદનો પાર નહોતો. મુખ્ય પ્રશ્ન એમની સિક્યુરિટી અને વ્યવસ્થા સાચવવાનો હતો. અમે ઈચ્છીએ તો પણ આ લોકોની લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલ સાચવી શકીએ તેમ નહોતા. અમે અમારી મજબૂરી તેમની સામે મૂકી. તેમણે કહ્યું એમને આ ઈવેન્ટનો હિસ્સો કોમન મેનની જેમ બનવું છે. કોઈ ફૈં સેલિબ્રિટીની જેમ નહીં. અમારી ટીમની સહુથી મોટી મુશ્કેલી દૂર થઈ ગઈ. બાકીની સિક્યુરિટીને લગતી તમામ વ્યવસ્થા ઈન્ડિયન ગવર્મેન્ટે ઓફિશિયલ ઈવેન્ટ પાર્ટનર તરીકે સામેલ થઈને સંભાળી લીધી." અભિમન્યુએ જવાબ આપ્યો.

"અભિમન્યુ મને તારી સખત ઈર્ષા થાય છે. યાર, આ એટમોસ્ફીયર જોઈને એમ લાગે છે. કાશ, આ ઈવેન્ટ પાછળ મારા નામની ક્રેડિટ લાગી હોત. એની વે..તમારી સમગ્ર ટીમને આ ઈવેન્ટ માટે ઓલ ધ બેસ્ટ. એન્ડ વોટ નેક્સ્ટ ? હવે ક્યાં ફેસ્ટિવલનું સેલિબ્રેશન કરવાનું આયોજન છે ?" નંદીનીએ છેલ્લો સવાલ પૂછતાં કહ્યું.

અભિમન્યુ એ હસતાં હસતાં કહ્યું."અમારો આ વિશે કોઈ ફ્યુચર પ્લાન નથી. અમારી ટીમ ખુશનસીબ છીએ કે પહેલીવાર આવડું મોટું આયોજન હોય છતાં લોકોએ અમારા પર વિશ્વાસ મુક્યો અને આ ઈવેન્ટમાં ઉત્સાહભેર ભાગ લીધો. આ માટે અમે પાર્ટીસીપેટ અને ઈવેન્ટને સફળ બનાવવામાં સહયોગ આપનાર તમામ લોકોના સદાય ઋણી રહીશું. તમારા સાથ અને સહકાર વગર આવડું મોટું આયોજન અશક્ય હતું. ચાલો બધા સાથે મળીને આ ઈવેન્ટને સેલિબ્રેટ કરીએ...."

લાઈવ ઈન્ટરવ્યૂ પૂરો થતાં મેં કેમેરાનું શટર બંધ કર્યું. 'Grand fm અને 'ફ્રીડમ બોક્સ' માટે સાગરે દોસ્તીદાવે આટલી વ્યસ્તતા વચ્ચે પણ અભિમન્યુનો થોડો સમય ચોરી લીધો હતો.

ગીતા રાખડી બાંધવા માટે મારી રાહ જોઈ રહી હતી. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૪-૦૨-૨૦૨૧, બુધવાર, મહા સુદ-બારશ, સૂર્યોદય-૬-૫૧, સૂર્યાસ્ત-૬-૧૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ પુનર્વસુ**

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- તાજગી પૂર્ણ દિવસ રહેવાનો કોઇ પણ કાર્યમાં સંપૂર્ણ ધ્યાન દેવું માંગલિક કાર્યોમાં સફળતા નોકરીમાં ઉત્સાહ રહેવાનો.

» વૃષભ (બ.વ.ઉ.) :- પ્રિયપાત્રની મુલાકાત થાય. કલાક્ષેત્રે કોઇ ન ધારેલો લાભ રોજીંદા કાર્યમાં પણ તમારે ધ્યાન દેવું આત્મવિશ્વાસ વધાવનો.

» મિથુન (ક.છ.ઘ.) :- સર્જનાત્મક કાર્યોમાં સફળતા રહે. તમારા અનુભવોનો લાભ સંસ્થાને મલે. સંતાનોની પ્રગતિ યાત્રા પ્રવાસની શકયતા.

» કર્ક (ડ.હ.) :- નિર્ધાટિત સમયમાં કાર્યમાં સફળતા ન મલે. જેથી ટેન્સન રહે. વ્યર્થ સમય ન બગાડતા સાંજ પણ સારો સમય.

» સિંહ (મ.ટ.) :- પરિવારજનો સાથે મહત્વની ચર્ચા વિચામરણા થાય. સગાઇના કાર્યમાં સફળતા રહે. વિદેશ જવા માટેની તક ઉભી થાય.

» કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં દિવસ દરમ્યાન ઉપરાવર્ગ સાથે મતભેદો ટાળજો તમારા કાર્યને વળગી રહો જરૂર સફળતા પ્રતિષ્ઠા મેળવશો.

» તુલા (ર.ત.) :- નજીકના સગા સ્નેહીજનો સાથે વ્યવસાય બાબત ચર્ચા-વિચારણા સફળ થાય મિલ્કતના પ્રશ્નોને પ્રાધાન્ય આપજો.

» વૃશ્ચિક (ન.ય.) :- આજના દિવસે વધુ પડતી દોડધામ થી દૂર રહેજો વિજાતીય મિત્રો સાથે સર્તકતા રાખવી વધુ પડતો વિશ્વાસ મુશ્કેલી કરે.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- કોઇ મિત્રને લઇને લગ્નજીવનમાં ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું વડીલવર્ગની સલાહને ધ્યાનમાં લેજો.

» મકર (ખ.જ.) :- તમારા વિચારો સતત ચાલે છે. આસપાસના લોકો તમારી સ્થિતિ જાણે છે. તમો કાર્યની કદર કરો છો મોસાળથી લાભ.

» કુંભ (ગ.શ.સ.) :- પરિવારમાં ખુશીનો માહોલ રહેવાનો છે. ધાર્મિક કાર્યમાં સફળતા મલે. આજના દિવસે તમારા વિચારોને મર્યાદીત રાખશો.

» મીન (દ.ચ.ઝ.) :- વાંચન પ્રત્યે લગાવ વધારવાના જરૂર છે વિદેશ સાથેના વ્યવસાયથી લાભ રહે. સાહસિકોને સફળતા મલવાની.

# શિક્ષણનું સત્યાનાશ (ભાગ-૨)

**(ગતાંકથી શરૂ)**

હાલ પણ કેટલીયે કચેરીઓ દ્વારા અરજદારો કે લાભાર્થીઓ સાથે અંગ્રેજી ભાષામા પત્રવ્યવહાર કરવામા આવી રહયો છે. આપણી પ્રજા કે જે નોકર બનવાનું શીખી છે તે પૈકીના કોલેજ પૂરી કરેલા લોકો પણ અંગ્રેજી લખી-વાંચી-સમજી શકવા સક્ષમ હોતા નથી. પછી આવા પ્રકારના પત્રો જયારે આપણને બેંક કે વિમા કંપની તરફથી મળે છે ત્યારે આપણે એ પત્રમા શું કહેવા માંગે છે એ સમજવા માટે ગામમા કોઈ અંગ્રેજીના જાણકાર વ્યકિતને શોધવા નિકળીએ છીએ.



મેં એવું પણ માર્ક કરેલ છે કે, ન્યાય મેળવવો તો દરેક નાગરિકનો મૂળભૂત હક છે. દરેક નાગરિક ભણેલો જ હોય એવું બિલકુલ હોતું નથી. ભણેલો હોય તો પણ વિદેશી ભાષા અંગ્રેજીનો જાણકાર હોય એવું પણ હોતું નથી. હવે જયારે કોઈને કોઈ વિવાદ સમયે કોર્ટ કચેરીમા જવું પડે છે ત્યારે ત્યા તમામ પેપરવર્ક અંગ્રેજીમા થતું હોય છે. અરે ભાઈ ગુજરાત હાઈકોર્ટ અમદાવાદમા આવેલ છે. અહિ પોતાના ખેતર કે મકાન માટે ન્યાય મેળવવા મથતો ખેડૂત કે લગ્ન વિષયક પ્રશ્નોથી ઘેરાઈને ન્યાય મેળવવા ધકકા ખાતો પતિ કે પત્ની અંગ્રેજી જાણતો ન હોવાથી વકીલો પર આધારિત રહેવું પડતું હોય છે. વકીલોની ફી કેટલી હોય છે, એ તો આપ કોઈ કેસમા ફસાયા હશો તો આપ મારાથી વિશેષ જાણતા જ હશો... ઘણા કિસ્સાઓમા તો કેસનો ચુકાદો આવી ગયા પછી માત્ર અંગ્રેજીનું જ્ઞાન ન હોવાના કારણે અને વકીલ સાહેબની ફી નહિ ચુકવવાના કારણે મહિનાઓ અને વર્ષો સુધી ફરીયાદીને ખ્યાલ પણ નથી હોતો કે કેસનો ચુકાદો એમની તરફેણમા આવી પણ ગયો છે. શા માટે આપણે વિદેશી ભાષાને આટલું બધું મહત્વ આપીએ છીએ?

આપણા દેશમા થતા તમામ સરકારી કામકાજો આપણી રાષ્ટ્રભાષા હિન્દી અથવા તો પ્રાદેશિક ભાષા (બંધારણમા સમાવિષ્ટ ૨૨ માન્ય ભાષાઓ પૈકી જે-તે પ્રદેશની ભાષા) મા શા માટે ન થઈ શકે? આ બાબતે આપણે બધાએ ભેગા મળીને ખરેખર પ્રયત્નો કરવાની જરૂર છે. આપણા ચુંટાયેલા પ્રતિનિધિઓ સંસદમા કે વિધાનસભામા આ બાબતે યોગ્ય કરી શકે, જો ધારે તો. મુશ્કેલી એ છે કે, આપણે જ આપણી ભાષાને ખાસ મહત્વ નથી આપતા. હું મારા પોતાના ઘરની વાત કરું તો, હું બાળકોને માતૃભાષામા શિક્ષણ આપવાના વિચારને વરેલો છું. જયારે મારી ધર્મપત્ની, મારા પિતાશ્રી, માતુશ્રી તથા બહેન આ બધા જ નું માનવું એવું છે કે હવે અંગ્રેજી વગર નહિ ચાલે. એટલે બાળકોને અંગ્રેજી માધ્યમમા જ ભણાવવા જોઈએ. આવી ખોટી વિચારસરણી હાલ કેટલાય વાલીઓની થઈ ગઈ છે. આપણે ૧૯૪૭ માં અંગ્રેજોની ગુલામીમાંથી તો આઝાદ થઈ ગયા પણ હાલ ૨૦૨૦ મા પણ આપણે એમની ભાષાના ગુલામ બની બેઠેલા છીએ. કેટલીક શાળાઓ તો એવી છે કે, ત્યા બાળકોને નાના ધોરણથી જ શીખવવામા આવે છે કે, અહિ કોઈએ ગુજરાતીમા વાત જ કરવાની નથી. જેવું આવડે એવું પણ અંગ્રેજી બોલો. આવું કરવાથી એ બાળક મોટો થઈને કદાચ ડોકટર બનશે, એન્જીનીયર બનશે, વૈજ્ઞાનિક બનશે, વિદેશગમન પણ કરશે અને પોતાના પર ગૌરવાન્વિત પણ થશે પરંતુ શું એને પોતે ભારતીય હોવાનું ગૌરવ અનુભવાશે?


ચિંતન વૈષ્ણવ
'જાગતે રહો'

આપણી સંસ્કૃતિ અને આપણા સંસ્કારો ભૂલીને આપણે ગોરાઓની સંસ્કૃતિની પાછળ ઘેલા બન્યા છીએ એ શરમની વાત છે. આપણા વિચારો આવી શિક્ષણનીતિને કારણે કુંઠીત થઈ ગયા છે. આપણી અંદર રહેલી આપણી મૌલિકતા નાશ પામી ગઈ છે. એટલે જ આપણી ગુલામી માનસિકતાને કારણે આપણે ખોટા વ્યકિતઓના ફોલોવર્સ બની રહયા છીએ. દેશ અને સમાજ માટે જે સરકારી નિર્ણયો નુકસાનકારક હોય છે એનો પણ આપણે વિના વિરોધે સ્વિકાર કરી લઈએ છીએ. આપણે ભણેલ ગણેલ હોવા છત્તા કોરોના વાયરસને ભગાડવા માટે કોઈના કહેવા માત્રથી આપણો દિમાગ વાપર્યા વગર થાળી-વાટકા વગાડવા લાગ્યા. તાળીઓ પાડવા લાગ્યા. મને તો બહું નવાઈ લાગે છે... ઘરમા બેસી રહેવું, ચેપ ન લાગે માટેની તમામ તકેદારીઓ રાખવી, લોકડાઉનમા સહકાર આપવો એ બધું બરાબર છે પણ આ થાળી વગાડવાથી શું થાય? ઘોંઘાટ અને અવાજ પ્રદુષણ. પણ આપણે માત્ર સાક્ષર છીએ કેળવાયેલ નથી એના આ પરિણામ છે. એક ફિલસૂફને પ્રશ્ન પૂછવામા આવ્યો કે બાળકને કેળવણી આપવાની શરૂઆત કયારે કરવી જોઈએ? તેમણે જવાબ આપ્યો - "સો વર્ષો પહેલા". પ્રશ્ન પૂછનારને કઈ સમજાયું ન હોય એવું લાગતા ફિલોસોફરે ખુલાસો કર્યો કે, બાળકને કેળવણી આપવાની શરૂઆત તેના દાદાદાદીને કેળવણી આપવાની પ્રક્રિયાથી શરૂઆત થાય છે.

મને કોઈ સમજાવશે કે, દરેક ધોરણમા વર્ષાંતે પરીક્ષાઓ શા માટે લેવામા આવે છે? જે બાબતો જીવનમા કયારેય કામ નથી આવવાની એ અભ્યાસક્રમમા શા માટે સમાવિષ્ટ કરવામા આવે છે? શા માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પાઠયપૂસ્તકોના પાઠ આધારિત પ્રશ્નો પૂછવામા આવે છે? જીવરામ ભટ્ટ શા માટે કાગળ પાછો આપે છે? આ પ્રશ્ન ધોરણ ૭ ના વિધાથીએ શા માટે ગોખવો જોઈએ ભાઈ? ખરેખર તો જીવન ઉપયોગી બાબતોનો અભ્યાક્રમમા સમાવેશ થવો જોઈએ. હિન્દી વિષય સાથે બી.એ. કરેલાને શુધ્ધ હિન્દી બોલતા પણ નથી આવડતું હોતું. ભૌતિક વિજ્ઞાનના સ્નાતક વિધાર્થીને પોતાના ઘરનો ફયુઝ સાંધતા પણ નથી ફાવતો હોતો. ગુજરાતીમા એમ.એ. થયેલાની વાકયે વાકયે જોડણીની ભૂલો પડતી હોય છે. એકાઉન્ટનો વિધાર્થી પ્રવાસમા વાપરેલા નાણાનો હિસાબ પણ વ્યવસ્થિત નથી રાખી શકતો. એલ.એલ.બી. કરેલા વ્યકિતને જજ અને મેજિસ્ટ્રેટ વચ્ચેનો તફાવત માલૂમ નથી હોતો. આવું માત્ર એટલા માટે બનતું હોય છે કે આપણા શિક્ષણનું સત્યાનાશ થઈ ગયું છે.

# બાળકોને સ્કૂલે મોકલવા કે નહિ?

દરેક વાલીને મુંઝવતો પ્રશ્ન બાળકોને ભણાવવા તો ખરા જ પણ હવે ઘરે રહીને બાળકો કંટાળ્યા હોય તો સ્કૂલે જઈને તેને ગમશે ને અભ્યાસમાં પણ સરળતા રહેશે પણ સ્કૂલે મોકલવાથી બાળકો પર કોરોનારૂપી જીવનું જોખમ મંડરાય છે તો આવા સમયે શું કરવું ?

બાળકોને સ્કૂલે મોકલવાથી ફાયદો ચોક્કસ છે કેમ કે ત્યાં જ તેનો સર્વાંગી વિકાસ શક્ય થાય છે પરંતુ કોરોનાનો સંકટ હજુ સહેજેય ટળ્યો નથી, એવામાં બાળકોને સ્વાસ્થ્ય અને આરોગ્યની સમજણ આપી થોડી ઘણી સાવધાની શિક્ષકો દ્વારા રાખવામાં આવે તો કોઈ ખાસ તકલીફ પડે તેમ નથી. ૧૦ ની ક્ષમતા ધરાવતા વાહનમાં શ્વાસ લઈ શકાય એટલી પણ હવા માટે જગ્યા ન બચી હોય તેવા વાહનમાં મોકલવાનું ટાળવું શક્ય હોય તો અજાણ્યા માણસોની ભીડમાં ન મોકલવા. જાતે જ લેવા મૂકવા જવું જોઈએ અને કોરોનાની ગંભીરતા સમજાવવા સાથે નાસ્તામાં હેલ્થી ફૂડ આપવું. બિનજરૂરી જગ્યાએ અડકવાની આદત છોડાવવા અને થોડા થોડા સમયે હાથ પગ ધોવા- મોં ને વારંવાર અડવું નહિ. આવી સૂચનાનું પાલન કરવાની આદત પાડવી વગેરે.. આ બધી આદતો ખાસ એવી છે કે જે બાળકોને અત્યારે જ નહિ ભવિષ્યમાં પણ ઘણી મદદરૂપ થાય તેવી છે તેથી આવી બધી આદતોની આદત તો બાળકોને પડવી જ જોઈએ.

તેમ છતાંય જો કોઈ ખાસ કિસ્સામાં માં બાપ પોતાના બાળકોને સ્કૂલમાં મોકલી શકતા નથી તો તેઓએ બિલકુલ મુંઝાવાની જરૂર નથી. કેમ કે કહેવાય છે ને એક માતા સો શિક્ષક બરાબર હોય છે. તો કોઈ માં જ્યારે પોતાના બાળકને કેળવણી આપે છે તો તે કોઈપણ શિક્ષણથી પણ ઉચ્ચ અભ્યાસ કહેવાશે અને આવું કેળવાયેલું બાળક સુશિક્ષિત બાળકથી વધુ સફળ હોય તેવા અગણિત દાખલા આપણી આસપાસ જ છે. તેમનું એક એટલે આલ્બર્ટ આઈન્સ્ટાઈન, દુનિયાના ગ્રેટ વૈજ્ઞાનિક ડો. આલ્બર્ટ આઈન્સ્ટાઈન સ્કૂલમાં ભણવા નહોતા ગયા તેમની માતા તરફથી મળેલું શિક્ષણ જ એટલું બળવાન હતું કે તેના સહારે જ આઈન્સ્ટાઈન મહાન વૈજ્ઞાનિક ડો. આઈન્સ્ટાઈન થઈ ગયા, માંની કેળવણીની આ તાકાત છે. જો બાળકો સ્કૂલે જઈ નથી શકતા તો પણ બાળકોને માત્ર સિલેબસના સહારે ચોપડિયા જ્ઞાન પર નિર્ભર ન રાખી તેને સહેલાઈથી શિક્ષિત અને સજ્જ કરી શકાય છે જેનું ભવિષ્યનું રૂપ રંગ પણ અન્ય સામાન્ય લોકોથી તદ્દન ઉજવળ અને જુદા જ હોવાના.


શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

વળી જો કોઈ માં બાપ પોતાના બાળકોને જાતે જ કેળવણી આપે તો તેનાથી બાળકને જે લાગણીનો અહેસાસ થાય છે તે શિક્ષકમાં ક્યાંથી થવાનો ? આનો અર્થ એ પણ નથી કે બાળકોને કોઈ સંસ્થામાં અભ્યાસાર્થે ન મૂકવા ને ઘરે જ બધું શિક્ષણ આપવું. મૂકવા જ જોઈએ તો જ બાળકો અન્ય બાળકો સાથે રહેશે ને નવી સંસ્કૃતિ, રહેણી કરણી તથા સમાજના અન્ય વર્તન વ્યવહારને જાણશે. બાળકોના સામાજિક અને ચતુરાઈના વિકાસ માટે તેને સ્કૂલમાં મોકલવા તો જરૂરી જ છે તેની સાથે સાથે અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેને જ વાસ્તવિકતા સમજાવીને ડગલે ને પગલે જાગૃત રહેતા શીખવવું પડશે. બાકી તો, લોક ડાઉનમાં મેચ્યોર કહેવાતા લોકો પણ ઘરમાં ટકી શકતા નહોતા એવામાં ચંચળ વૃત્તિ ધરાવતા બાળકો ઘરે રહ્યા હોય, એમના મિત્રોને મળ્યા ન હોય, રિશેષમાં નાસ્તો ઢોળ્યો ન હોય, અન્ય વિદ્યાર્થીઓ સાથે ઝઘડા કર્યા ન હોય, આવી બધી પ્રવૃત્તિ તો તેમની ઉંમરમાં ઑક્સિજન કહેવાય એટલે તેમને પણ આ બધું માણવાની ઈચ્છા હોય તે સ્વાભાવિક છે. તો હવે વધુ સમય તેમના શ્વાસને બંધ ન કરીને થોડી છૂટ આપવામાં કોઈ ખાસ વાંધો પણ નથી. બધો ખેલ રોગ પ્રતિકારક શક્તિનનો છે, જે ખાલી યોગ્ય, તંદુરસ્ત, સમતલ આહારમાંથી જ મળે છે. તે જો બાળકને જ નહિ પરંતુ હકોઈપણ વ્યક્તિને મળશે તો કોરોના શું તેના જેવા કંઈ કેટલાય રોગ-બીમારીઓને સિક્સર મારી ભગાડી શકશે.

# ડોન રવિ પૂજારીને મકોકા કોર્ટ દ્વારા તારીખ ૯ માર્ચ સુધી પોલીસ રિમાન્ડ પર સોંપાયો



ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૨૧

અન્ડરવર્લ્ડ ડોન રવિ પૂજારીને આજે ગઝાલી હોટલ ફાયરિંગ કેસમાં મકોકા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.. આ કેસમાં મકોકા કોર્ટે રવિ પૂજારીને ૯ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. રવિ પૂજારી પર મુંબઈ સહિત દેશના જુદા જુદા ભાગોમાં અનેક કેસ દાખલ છે. વરિષ્ઠ નિરીક્ષક સચિન કદમના જણાવ્યા અનુસાર પાંચ વર્ષ પહેલા થયેલા ગોળીબારમાં સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. રવિ પૂજારીની લગભગ બે વર્ષ પહેલાં સેનેગલમાં ધરપકડ કરવામાં આવી હતી. થોડા મહિના પછી તેને ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યું. તેની કસ્ટડી અગાઉ કર્ણાટક પોલીસે લીધી હતી. હવે મુંબઈ પોલીસને તેની કસ્ટડી મળી છે. મુંબઈમાં કુલ ૭૮ કેસ દાખલ છે. ૪૯ કેસોમાં તેની સીધી સંડોવણી બહાર આવી હતી. તેના પર ઘણા કેસોમાં મકોકા લગાડવમાં આવેલ છે.

એક પછી એક જુદા જુદા કેસોમાં મુંબઇ ક્રાઈમ બ્રાંચ તેની કબજો લેશે. આવતા કેટલાક મહિનાઓ માટે તે હવે મુંબઈ પોલીસનું લોકઅપમા રહેશે. બાદમાં તેને જેલમાં મોકલવામાં આવશે. તેની સામે કર્ણાટકમાં ૯૭ કેસ નોંધાયેલા છે. રવિ પૂજારીને મુંબઈ સાથે જોડાયેલા કેસમાં એક ફિલ્મના ફાઈનાન્સર અલી મોરાનીના બંગલાના શૂટઆઉટમાં પણ સામેલ હતો. આ કેસમાં થોડા મહિના પહેલા, રવિ પૂજારીના ભાગીદાર ઓબેદ રાદિવાલાને યુ.એસ.થી ભારત પ્રત્યાર્પણ કરાયો હતો. મોરની કેસ ઉપરાંત રવિ પૂજારી પણ મહેશ ભટ્ટની હત્યાના કાવતરાના આરોપી છે.

પૂજા ચવ્હાણ આત્મહત્યા પ્રકરણ

# ૧૫ દિવસ બાદ સંજય રાઠોડ પોહરાદેવી ગઢ પર પહોચ્યો

### પત્ની સહિત દર્શન કર્યા :હજારો સમર્થકો ઉમટી પડ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ ૨૩

પૂજા ચવ્હાણ આત્મહત્યા પ્રકરણમા કથિત રીતે સંડોવણીનો આક્ષેપ થયા બાદ જાહેર સમારંભથી દૂર રહેનારા શિવસેનાના મંત્રી સંજય રાઠોડ આજે ૧૫ દિવસ બાદ પોહરાદેવી ગઢ પર પરિવાર સહિત પહોચ્યા હતા.અહિ તેમણે માતાજીની પૂજા કર્યા બાદ પ્રસાદ લીધો હતો. સંજય રાઠોડ અવવાના તે પહેલેથી જાહેર થતા બંધી હોવા છતા સોશ્યલ ડિસ્ટંન્ટના ધજાગરા ઉડાવી હજારો સમર્થકો ઉમટી પડ્યા હતા અને 'સંજય રાઠોડ આગે બડો હમ તુમ્હારે સાથ હૈ' ના નારા લગાડ્યા હતા.ભીડને વિખેરવા માટે પોલિસે હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો.

પૂણેની પૂજા ચવ્હાણની આત્મહત્યા બાદ સંજય રાઠોડની ભુમિકા બહાર આવી હતી. આથી ખાસ કરીને વિપક્ષી ભાજપ આક્રમક બન્યુ હતુ અને સંજય રાઠોડનુમ રાજીનામુ માંગી તેની પર કાયદાકિય પગલા લેવા માટે દેખાવો પણ કર્યા હતા. જો કે શિવસેનાના સાથી પક્ષોએ અ બાબતે મૌન સેવ્યુ હતુ.મિડિયામા પણ ઉહાપોહ થતા સંજય રાઠોડ નોટ રિચેબલ થઈ ગયા હતા, અને માતોશ્રીમા રાજીનામુ મોકલી અપ્યુ હતુ. પોલિસ પર પણ દબાણ હોવાનું ચર્ચાતુ હતુ, આથી



અજીત પવાર અને અનિલ દેશમુખે જાહેર કરવુ પડ્યુ હતુ કે પોલિસ પર કોઈ દબાણ નથી, અને પૂજા ચવ્હાણ કેસની યોગ્ય તપાસ ચાલુ છે તેમજ જવાબદારો સામે યોગ્ય પગલા લેવાશે. સંજય રાઠોડનો સંપર્ક થતો ન હતો.પરંતુ આજે એકાદશી નિમિત્તે તેમણે પોહરાદેવી ગઢ પર જઈ માતાજીના સહપરિવાર દર્શન કર્યા હતા.અહિ કોઈ ઘટના ન બને તે માટે ૨૫૦ થી વધુ પોલિસ હાજર હતી.૧૭ વાહનના કાફલા સાથે સંજય પત્ની અને પરિવાર સાથે પહોચ્યા ત્યારે તેના સમર્થકો દ્વારા નારા લગાવાયા હતા.મંદિર સમક્ષ ઉપસ્થિત ભીડને પોલિસે હળવો લાઠીચાર્જ કરી વિખેરી હતી.

અત્યાચાર કરનારાની જાત હોતી નથી, રાઠોડ પર કડક પગલા લેવા જોઈએ તેવુ નિવેદન ભાજપની મહિલા પાંખની નેતા ચિત્રા વાઘે કર્યુ હતુ.સંજય અને પૂજા એકજ સમાજના હતા,અમે અહિ જાતપાતનો નારો લગાવતા નથી,પરંતુ સ્ત્રીઓ પર અત્યાચાર કરનારા અને મૃત્યુ સમક્ષ ધકેલનારા વ્યક્તિનો કાન પકડીને જેલમા ધકેલવો જોઈએ તેવો આક્રોશ વ્યક્ત કરતા ચિત્રા વાઘે ઉમેર્યુ હતુ કે બંજારા સમાજના અનેક નેતાઓના મને ફોન આવે ચે અને તેઓ સંજય રાઠોડ પર કડક પગલા લેવા માગણી કરે છે હવે જોવાનું એ છે કે સરકાર તેના મંત્રીને બચાવે છે કે યોગ્ય તપાસ કરી કાયદાકિય પગલા લેવાની હિમત કરે છે.

# પ્રધાનમંત્રી લોન એપને નામે અઢી લાખ લોકો સાથે છેતરપિંડી કરનાર ગેંગની ધરપકડ




ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૩

ઉત્તર પ્રદેશના અલીગઢ અને રાજસ્થાનના જયપુર ખાતે કોલ સેન્ટર વડે પ્રધાનમંત્રી લોન ઍપને નામે દેશના અઢી લાખ લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનારી ટોળકીના ચાર સભ્યને સાયબર પોલીસે ઝડપી પાડ્યા હતા. સાયબર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સંજીવકુમાર વીરી સિંહ, પ્રાંજુલ ભૂપેનકુમાર રાઠોડ, રામનિવાસ મુલચંદ કુમાવત અને વિવેક દિનેશબાબુ શર્મા તરીકે થઇ હતી. આરોપીઓ પાસેથી ૧૮ મોબાઇલ, ૧૦ હાર્ડડિસ્ક, ત્રણ રાઉટર અને પેન ડ્રાઇવ જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓએ પ્રધાનમંત્રી લોન નામે બનાવટી ઍપ મોબાઇલ પર બનાવી હતી અને કુર્લા વિસ્તારમાં રહેતા સૂરજ સાવલે નામના યુવકનો મોબાઇલ નંબર ઉપરોક્ત ઍપમાં આપવામાં આવ્યો હતો. આથી લોન વિશે પૂછપરછ કરવા માટે સૂરજ સાવલેને લોકોના ફોન આવવા લાગ્યા હતા. તેને ફોન પર ગાળો ભાંડવા સાથે ધમકી પણ આપવામાં આવતાં તેણે આ પ્રકરણે સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસને ઍપમાંની લિંક અંગે માહિતી મેળવી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે આરોપીએ ઉત્તર પ્રદેશથી લોકોની છેતરપિંડી કરી રહ્યા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# પાલઘરમાં બર્ડ ફ્લૂનો ઉપદ્રવ : ત્રણ દિવસમાં ૪૫ મરઘીઓના મોત



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૩

પાલઘરમાં બર્ડ ફ્લૂના અહેવાલ મળ્યા છે અને પાલઘર શહેરમાં સૂર્ય કોલોની નજીક સરકારી મરઘાં કેન્દ્રમાં મરઘીઓના શંકાસ્પદ મોતનાં સમાચાર મળ્યા છે. આ મરઘીઓ બર્ડ ફ્લૂના કારણે મરી ગઈ હોવાનું બહાર આવ્યું છે. આ મરઘીઓના અચાનક મોતથી પ્રશાસન ચોંકી ઉઠ્યું હતું. પરંતુ હવે તેને બર્ડ ફ્લૂ હોવાની પુષ્ટિ થઈ હોવાથી વહીવટીતંત્રની ચિંતા વધી ગઈ છે.

પાલઘરના સરકારી મરઘાં ઉછેર કેન્દ્રમાં છેલ્લા ત્રણ દિવસથી મરઘાઓનાં અકુદરતી અને શંકાસ્પદ મોત નોંધાયા છે. ત્રણ દિવસમાં, ૪૫ મરઘીઓ મૃત્યુ પામી છે.. આ મરઘીઓના અકુદરતી અને શંકાસ્પદ મૃત્યુને કારણે, તેમના અહેવાલો પૂણેની પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા. અહેવાલો પોઝિટીવ આવ્યા છે અને ચિકનને બર્ડ ફ્લૂ હોવાનું નિદાન થયું છે.

પાલઘરમાં મરઘાં કેન્દ્રમાં ૫૫૦ થી વધુ મરઘીઓ છે અને હવે રિપોર્ટ સકારાત્મક હોવાને કારણે મરઘાં કેન્દ્રમાં રહેતી અન્ય જીવંત મરઘીઓનો નિકાલ અને માર્ગદર્શિકા મુજબ કરવામાં આવશે. બર્ડ ફ્લૂ એ ચેપી હવાથી પ્રસરતો રોગ હોવાથી પશુપાલન વિભાગ કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા પ્રમાણે યોગ્ય સાવચેતી રાખી રહ્યું છે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, પશુપાલન વિભાગ જિલ્લામાં સ્થપાયેલી ઝડપી રિસ્પોન્સ ટીમ દ્વારા અન્ય મરઘા કેન્દ્રો અને ચિકન દુકાનને સાવચેતી સૂચનાઓ આપવામા આવી છે.

# ચેમ્બુરના જિમખાનામા લગ્ન પ્રસંગે કોરોનાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન : બેની અટકાયત

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૩

મુંબઈના ચેમ્બુર વિસ્તારના જિમખાનામા સરકારી નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરી લગ્ન સમારંભમાં ત્રણસોથી વધુ લોકો હોવાનું જાણવા મળતા જિમખાનાના સેક્રેટરી અને કેટરરની અટક કરવામાં આવી છે. ચેમ્બુરના છેડા નગર વિસ્તારમાં આવેલા જિમખાનામાં રવિવારે આ સમારંભ યોજવામાં આવ્યો હતો. પોલીસે આ સંદર્ભે કાર્યવાહી કરીને ચાર જણ સામે ગુનો નોંધવામા આવ્યો છે. અને એમાંના બે જણની ધરપકડ કરી હતી. કોરોનાના વધતા કેસને પગલે રાજ્ય સરકાર સહિત પાલિકા પ્રશાસને લગ્ન સમારંભ, પારિવારિક કાર્યક્રમમાં લોકોની હાજરીને લઈને નવી નિયમાવલી જાહેર કરી હોવા છતાં લોકોમાં કેટલા મહેમાનોને લગ્ન સમારંભ, પારિવારિક, ધાર્મિક કાર્યક્રમમાં વધુમાં વધુ ફક્ત ૫૦ આમંત્રિત માણસોની જ હાજરીને મંજૂરી આપવામા આવી છે.મુંબઈ મહાપાલિકાના અધિકારીઓ જ્યારે સમારંભ સ્થળ પર તપાસ માટે પહોંચ્યા ત્યારે ત્યાં ત્રણસોથી વધુ લોકો જમા થયેલા જોવા મળ્યા હતા. તેઓ સોશિયલ ડિસ્ટન્સિગનું પાલન પણ નહોતા કરી રહ્યા. મોટા ભાગના લોકોએ માસ્ક પણ નહોતા પહેર્યા. પાલિકાના અધિકારીઓએ તુરંત પોલીસને જાણ કરી હતી અને જિમખાનાના સત્તાવાળાઓ તથા સમારંભના આયોજક સામે કાર્યવાહીની શરૂઆત કરી હતી. 'અમે જિમખાનાના સેક્રેટરી, કેટરર, વરરાજાના ભાઈ અને આ સમારંભ માટેનું બુકિંગ લેનાર વ્યક્તિ સામે એફઆઈઆર દાખલ કરી છે,' એમ તિલક નગર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું. રાજ્યમાં વધતા જતા કોરોના કેસોને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ સોમવારથી રાજ્યમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય સમારંભ પર પ્રતિબંધ મૂક્યા છે. મુંબઈમાં કોરોના નિયંત્રણમાં હતો ત્યારે આવા કાર્યક્રમમાં ૨૦૦ લોકો સુધીની હાજરીની મંજૂરી આપવામાં આવી હતી. તેથી તે મુજબ લોકોએ પોતાના કાર્યક્રમનું આયોજન કરીને મહેમાનોને આમંત્રણ આપ્યા હતા અને હવે અચાનક પાલિકાએ નવી ગાઈડલાઈન બહાર પાડીને મહેમાનોની સંખ્યા પર પ્રતિબંધ મૂકી દીધો હોઈ લોકો ફરી મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

# વિરાર પોલિસે રિક્ષા અને ચેનસ્નેસિંગના ૧૯ કેસમા સંડોવાયેલા બે આરોપીની અટક કરી



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૩

વિરાર પોલિસે બચેનસ્નેસિના કેસમા બે આરોપીઓની અટક કરતા ઓટો રિક્ષાની ચોરી સહિત ૧૯ કેસમા સંડોવણી બહાર આવતા ચોરેલ મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે.

વિરાર પોલિસમા ઓટો રિક્ષા અને ચેનસ્નેસિંગના આશરે દશ કેસ નોંધાયેલ હોવાથી પીઆઈ સુરેશ વરડેએ પીએસઆઈ સંદેશ રાણેના નેતૃત્વ હેઠળ હેઠળ વધારાની ટીમ તપાસ માટે નિમી હતી.પોલિસે તપાસ દરમિયાન વિરાર પશ્રિમમા રહેતો રિઢો ગુનેગાર ચેતન સુરેન્દ્ર વિશ્વકર્મા (૨૪) અને અભિજીત પ્રકાશ હેજીબ (૧૯) ની અટક કરવામા આવી છે.પોલિસ તપાસમા ઓટો રિક્ષા અને ચેનસ્નેસિંગના વિરારના ૧૦ ,માણેકપુર બે, અર્નાલા એક, નાલાસોપારા બે અને કાશિમીરા એક, હિલલાઈન એક, માલવણીમા એક મળી ટોટલ ૧૯ ગુનામા તે બંન્નેની સંડોવણી બહાર આવી છે.પોલિસે આરોપી પાસેથી ૩,૧૧,૮૦૦/- રૂપિયાની કિમતના સોનાના દાગીના અને છ લાખ રૂપિયાની કિમતની ૯ રિક્ષા મળી ટોટલ ૯,૧૯,૮૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે.

# માતા-પિતાનું સ્વપ્ન પૂરૂ કરવા પુત્ર નકલી પોલિસ બન્યો





ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૩

પુત્રને પોલીસનો યુનિફોર્મ પહેરીને પોલિસ બનાવવાનુ સ્વપ્ર ધરાવતા માતા-પિતા પણ ઈચ્છતા હતા કે આસપાસના બાળકોને જોઈને તેમના પુત્રને પોલીસ વિભાગમાં ભરતી કરવામાં આવે. પરંતુ ઘણા પ્રયત્નો છતાં સફળતામા યશ મળ્યો ન હતો.. આખરે, છોકરાએ નકલી પોલીસ આઈડી છાપી, ગણવેશ સીવડાવી અને જાહેરમાં પોલીસ હોવાનો .ઢોગ કર્યો હતો.. તેણે સોશિયલ મીડિયા પર ગણવેશના ફોટા પોસ્ટ કરીને ઘણા મિત્રો બનાવ્યા. પરંતુ માટુંગા પોલીસે બીડના યુવાનની ધરપકડ કરતા સત્ય હકિકત સામે આવી હતી..

એક પોલીસ કર્મચારીએ માટુંગા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે પોલીસ અધિકારીએ પૈસા લઈને તેની સાથે છેતરપીડી કરી હતી. એક પોલીસકર્મીએ બીજાની છેતરપિંડી કરી હતી અને આ મામલે થયેલ ફરિયાદની માટૂંગા પોલીસે ગંભીર નોંધ લીધી હતી. પોલીસે વિજય ઘુંદ્રેની વાશીથી ધરપકડ કરી હતી. ધરપકડ સમયે વિજયે ક્યૂઆરટી ગણવેશ પહેરેલો હતો અને વાહન પર પોલિસ લખ્યું હતું. માટુંગા પોલીસે વિજયની સઘન તપાસ હાથ ધરતા તે પોલીસકર્મી નહીં પણ ટેકસી ડ્રાઈવર હોવાનું બહાર આવ્યું હતું. વિજયની ધરપકડ કરવામાં આવી છે અને તેના માતા-પિતા, જે ખેડૂત છે, તેઓને આ જાણીને આશ્ચર્ય થયુ છે કે તે પોલીસ વિભાગમાં કામ નથી કરી રહ્યો.

પોલીસ દળમાં જોડાવા માટે વિજયે અનેક પરીક્ષાઓ પાસ કરી હતી. પરંતુ આમાં કોઈ સફળતા મળી ન હતી..તેની સામે એક પોલીસ કર્મચારી દેખાઈ રહ્યો હતો અને માનસિક ત્રાસને કારણે વિજયે એક જુદી લડાઈ લડી હતી. વિજય ડોમ્બિવલી ખાતે બે પોલીસકર્મીઓ સાથે રહેતો હતો, તેણે એવો દાવો કર્યો હતો કે નાયગાંવ સશસ્ત્ર દળમાં ફરજ બજાવતો હતો. પોલીસ બંદોબસ્તમાં ઘણા તેના મિત્રો બની ગયા હતા કારણ કે તે પોલીસ ગણવેશના ફોટા વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર સ્ટેટસ તરીકે પોસ્ટ કરતો હતો. તે બધાની સાથે જાણે કોઈ અસલી પોલીસ તરીકે વર્તન કરી રહ્યો હતો..

વિજયે એક પોલીસ કર્મચારી પાસેથી રૂ .૨૦,૦૦૦/- રૂપિયા ઉધાર લીધા હતા. તે વારંવાર માગણી કર્યા બાદ ન ચૂકવતા પોલીસે ફરિયાદ નોંધાવી હતી. વિજય સોશિયલ મીડિયા દ્વારા પૂર્વ સૈનિકના સંપર્કમાં પણ આવ્યો હતો. તે સૈનિક પાસેથી તેણે ૫૦,૦૦૦/- રૂપિયા લીધા. આ પૈસા પાછા નહિ આપી વિજયે તેની સાથે પણ છેતરપિંડી કરી હતી. આ રીતે વિજયે અનેક લોકોને છેતર્યા હોવાની શક્યાતા હોવાનું પોલિસ તપાસ કરી રહીએ છે.

# થાણેમાં કોરોના નિયમોનું ઉલ્લંઘન કરતા પાંચ બાર સામે મ્યુનિસિપલ કાર્યવાહી

ચક્રવાત ટીમ, મુંબઈ ,તા. ૨૩

કોરોના નિયમોનું ઉલ્લંઘન કરતી બે લેડીઝ બાર સહિત કુલ પાંચ રેસ્ટોરન્ટ્સ પર મ્યુનિસિપલ ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને તેને સીલ કરી દેવામાં આવ્યા હતા. મોડી રાત્રે ઓપરેશન કરવામાં આવ્યું હતું.

વધતા જતા કોરોના ચેપને ધ્યાનમાં લઈ વહીવટીતંત્રે નાગરિકોને જાહેર સ્થળોએ ભીડ ન કરવા, માસ્ક પહેરવાની અને સામાજિક અંતરનું પાલન કરવા સૂચના આપી છે. તેમજ બે દિવસ પહેલા મ્યુનિસિપલ કમિશનરે આ નિયમોનું ઉલ્લંઘન કરતા સ્થળો તાત્કાલિક સીલ કરવા આદેશ આપ્યો હતો. તે પૃષ્ઠભૂમિની સામે, મહાપાલિકાની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન નૌપડા વોર્ડ કમિટી અને માજીવાડા, માનપાડા વોર્ડ સમિતિ હેઠળ બે લેડીઝ બાર સહિત કુલ પાંચ બાર પર દરોડા પાડવામાં આવ્યા હતા. નૌપાડા વોર્ડ કમિટીમાં એલબીએસ રોડ પર શિલ્પા બાર, માજીવાડા માનપાડા વોર્ડ સમિતિ હેઠળ કપૂરબાવાડી ખાતે સનસીટી લેડીઝ બાર અને હીરાનંદાની એસ્ટેટમાં ટીઆરપી લાઉન્જ, પોપ ટટ્સ અને માયઝો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. દરમિયાન, કોરોના નિયમોનું ઉલ્લંઘન કરતી કોઈપણ મહેનત સહન નહીં કરવામાં આવે તેવી ચેતવણી મ્યુનિસિપલ કમિશનર ડો. વિપિન શર્મા દ્વારા આપવામાં આવેલ.છે.

# સેલિબ્રિટી અને રાજકારણીઓને યુવતીઓના બોગસ એકાઉન્ટ દ્વારા નિશાન બનાવતી ગેંગનો પર્દાફાશ

### ૧૭૧ એફબી એકાઉંન્ટ અને ૫ ટેલિગ્રામ ચેનલો બ્લોક કરી ૫૮ બેન્ક ખાતા સિઝ કર્યા

ચક્રવાત ટીમ ,મુંબઈ તા. ૨૩

સિટી ક્રાઈમ બ્રાંચની સાયબર વિંગે 'સેકટોરશન'માં સામેલ એક ગેંગનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, ગેંગ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને હરિયાણાના સરહદી ગામોથી કાર્યરત હતી. પોલીસ ક્રાઈમ બ્રાંચના પોલીસ જોઈન્ટ કમિશનર મિલિંદ ભારંબેના જણાવ્યા અનુસાર, આ ગેંગ સેલિબ્રિટીના રાજકારણીઓ, અમલદારો અને આઈપીએસ અધિકારીઓ જેવા અગ્રણી લોકોને તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલનો અભ્યાસ કર્યા પછી નિશાન બનાવતી હતી. જોકે પોલીસે ગોપનીયતાના મુદ્દાઓને ટાંકીને પીડિતોના નામ જાહેર કર્યા નથી. 'સેક્ટોરશન' ની અનેક ફરિયાદો મળ્યા પછી સાયબર વિંગે આ ગેંગ માટે કવાયત શરૂ કરી છે અને ગુનેગારોને પકડવા માટે તેમની ટીમો વિવિધ રાજ્યોમાં મોકલી છે. તેમની મોડસ ઓપરેન્ડી વિશે સમજાવતી વખતે પોલીસે જણાવ્યું કે, આ ગેંગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નકલી પ્રોફાઇલ બનાવતી હતી, જેમાં મોટાભાગે પૂજા શર્મા અથવા નેહા શર્માના નામ હતા અને ફેસબુક (એફબી), ટેલિગ્રામ, ઈન્સ્ટાગ્રામ પર તેમના લક્ષ્યો પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલતા હતા. એકવાર લક્ષ્ય તેમની ફ્રેન્ડ વિનંતીને સ્વીકારે છે ત્યારે તેઓ તેમની સાથે વાત કરે છે એક મહિલા તરીકે રજૂ કરે છે. ચેટિંગ કરતી વખતે તેઓ મોબાઈલ નંબર માંગે છે અને વોટ્સએપ પર ચેટ કરવાનું શરૂ કર્યું હતું. મિત્રની વિનંતીઓ મોકલતા પહેલા છેતરપિંડી કરનારાઓ તેમની સોશ્યલ મીડિયા પ્રોફાઈલ્સનો અભ્યાસ કરતા હોવાનું પોલીસે જણાવ્યું હતું. અમે તે વલણ જોયું છે કે ગેંગ મોટાભાગે વિડિઓ દ્વારા તેમના શિકારીઓને વીકએન્ડ પર બોલાવે છે અને તેને પોર્ન ક્લિપ મોકલી છે. છેતરપિંડી કરનારાઓએ તેમના લક્ષ્યોને કેમેરાની સામે જાતીય પ્રવૃત્તિઓ કરવા માટે લલચાવવામા આવ્યા બાદ તેનુ રેકોડલ્રગ કરવામા આવતુ હતુ. કોલ કર્યાની થોડી વારમાં, પીડિતાને તેમની અગાઉની વાતચીતની વિડિઓ ક્લિપ્સ મોકલવામા આવે છે, બાદમાં ખંડણી માંગ કરવામાં આવે છે, નહીં તો તેમના મિત્રમાં વિડિઓ વાયરલ કરવાની ધમકી આપવામાં આવી છે, ભારંબેએ જણાવ્યુ હતું. ઘણા લોકોએ ફરિયાદ ન કરવાનું પસંદ કર્યું હતું અને ખંડણી ચુકવણીનો અંત લાવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. આ ગેંગ વ્યાવસાયિક રીતે કેટલાક લક્ષ્યો સાથે રાજકારણીઓ અને કેટલાક સેલિબ્રિટીઝને લક્ષ્યાંક બનાવે છે. તેમની ધરપકડ બાદ પોલીસે અત્યાર સુધીમાં ૧૭૧ એફબી એકાઉંન્ટ અને ૫ ટેલિગ્રામ ચેનલો બ્લોક કરી દીધા છે, જ્યારે બેન્કના ૫૮ ખાતા કે જે ગેરવસૂલી રકમ સ્વીકારવા માટે ઉપયોગમાં લેવાય છે, તે સિઝ કરી દેવામાં આવ્યા છે, એમ પોલીસે જણાવ્યું હતું.

# ક્રૂડ પામતેલમાં ૪૧,૦૩૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૧,૭૩૦ ટનના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૩

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૧૦૬૫ સોદામાં રૂ.૧૫૯૫૩.૭૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે ચાંદીમાં નરમાઈનો માહોલ હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલમાં ૪૧,૦૩૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૨૧,૭૩૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. કપાસ, કોટન, સીપીઓ, રબરના વાયદાના ભાવમાં સુધારાની આગેકૂચ રહી વાયદા વધુ વધ્યા હતા, જ્યારે મેન્થા તેલ ઢીલું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૦૬૩૨ સોદાઓમાં રૂ.૫૯૫૨.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૯૭૩ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૯૮૫ અને નીચામાં રૂ.૪૬૭૫૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૦ ઘટીને રૂ.૪૬૮૮૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૮૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૬૪૧ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૭ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૬૬૨ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬ ઘટીને બંધમાં રૂ.૪૬૭૧૬ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૬૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૬૯૯ અને નીચામાં રૂ.૬૯૮૫૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૧૮ ઘટીને રૂ.૭૦૦૧૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૫૭ ઘટીને રૂ.૭૦૦૨૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૩૧૦ ઘટીને રૂ.૭૦૦૩૯ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૯૮૧૬ સોદાઓમાં રૂ.૨૯૧૦.૮૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૪૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૬૬ અને નીચામાં રૂ.૪૪૬૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૪ વધીને રૂ.૪૫૨૯ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૪૫૫ સોદાઓમાં કુલ રૂ.૫૪૬.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૭૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૭૭૦ અને નીચામાં રૂ.૨૧૭૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૦ વધીને રૂ.૨૧૭૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૫૫.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩.૩ વધીને બંધમાં રૂ.૧૦૬૨.૫ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૫.૫ અને નીચામાં રૂ.૯૫૦.૧ રહી, અંતે રૂ.૯૫૨.૬ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૫૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫૮ અને નીચામાં રૂ.૧૨૪૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭.૫૦ વધીને રૂ.૧૨૫૩ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૧૪૪૪ સોદાઓમાં કુલ રૂ.૨૪૯૯.૩૪ કરોડ ની કીમતનાં ૫૩૩૪.૦૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૯૧૮૮ સોદાઓમાં કુલ રૂ.૩૪૫૨.૮૮ કરોડ ની કીમતનાં ૪૮૭.૧૪૯ ટન, ક્રૂડ તેલમાં ૧૯૬૯૮ સોદાઓમાં રૂ.૧૨૭૦.૩૪ કરોડનાં ૨૮૦૦૦૦૦ બેરલ્સ, કોટનમાં ૮૦૭ સોદાઓમાં રૂ.૧૦૯.૯૩ કરોડનાં ૪૯૭૭૫ ગાંસડી, સીપીઓમાં ૨૫૨૮ સોદાઓમાં રૂ.૪૩૨.૦૨ કરોડનાં ૪૧૦૩૦ ટન, મેન્થા તેલમાં ૨૪ સોદાઓમાં રૂ.૨.૭૯ કરોડનાં ૨૯.૧૬ ટન, કપાસમાં ૧૨ સોદાઓમાં રૂ.૩૨.૫૮ લાખનાં ૫૨ ટનના વેપાર થયા હતા.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

# મેંગોપીપલ પરીવાર દ્વારા પ્રોજેક્ટ મુસ્કાન અંતર્ગત રૈયાધારમાં દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૩

તાજેતરમાં નિર્મલરાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મેંગોપીપલ પરીવાર દ્વારા શહેરના સ્લમ વિસ્તાર રૈયાધારમાં દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરેલ.

શ્રીમતી રૂપલબેન રાઠોડ તથા ઉષાબેન રાવત દ્વારા દીકરીઓને શરીરિક સ્વચ્છતા વિશેની સરળભાષામાં સમજણ આપવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમ સરકારશ્રીના આદેશ મુજબ માસ્ક અને સોશ્યલ ડિસ્ટસન્સિંગનું પાલન કરી પૂર્ણ કરેલ. આ સતર્કમને સફળ બનાવવા માટે મનીષભાઈ રાઠોડ, રૂપલબેન રાઠોડ, નિલેશભાઈ જોશી તથા ઉષાબેન રાવતે સુંદર વ્યવસ્થા કરેલ.



અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર છેલ્લા ૭ વર્ષથી રાજકોટ તથા જામનગરમાં ઝુપડપટ્ટી અને સ્લમવિસ્તારોના બાળકો માટે સતત કાર્યશીલ સંસ્થા છે. તે આ બાળકો માટે અલગ અલગ સ્થળોએ ફ્રી એજ્યુકેશન ક્લાસ ચલાવી રહી છે. સંસ્થાની વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ (મો. ૯૨૭૬૦૦૭૭૮૬ ) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

# ગીર સોમનાથ જિલ્લો અને સમગ્ર કારડીયા રાજપૂત સમાજનું ગૌરવ વધાર્યું

ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૩

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડાના વતની ગોવિંદભાઈ મેળગભાઈ બારડ ના પુત્ર પરમજીત ગોવિદભાઈ બરાડે નેપાલ માં યુથ ગેમ અને સ્પોર્ટ્સ અશોસીએશન ઈન્ડિયા દ્વારા ઈન્ડો નેપાલ દ્વારા રમાઈ રહેલી ઇંવિટેશન ગેમની સ્પર્ધામાં ભારત તરફથી કબ્બડી માં ગોલ્ડ મેડલ જીતી સમગ્ર સુત્રાપાડા અને કારડીયા રાજપુત સમાજનું નામ રોશન કર્યુ. આ ગેમમાં ભારત દેશના અલગ અલગ રાજયો માથી ઘણા ખેલાડીઓ ના સિલેકશન થયેલ.તેમાં ગુજરાતનાં ખેલાડીઓ નું પણ સિલેકશન થયેલ.તેમાં આર્યન હેરમા અને ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ના પરમજીત બરાડે કબ્બડી માં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા.જ્યારે



અહેમદાબાદ ના સંજય એ ૧૦૦ મીટર દોડમાં બીજો નંબર પ્રાપ્ત કરેલ છે.તેમજ પ્રકેશ એ કુસ્તીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.જે બદલ આ તમામ ખેલાડીઓ ને સમગ્ર ગીર સોમનાથ જીલ્લામાથી સૌતરફ થી અભિનંદન પાઠવવામા આવી રહ્યા છે.

# ઓરિસ્સાના અધિકારીની પત્ની પર સામુહિક બળાત્કારનો આરોપી ૨૧ વર્ષે લોનાવાલાથી ઝડપાયો

### બળાત્કારની 'આ' ઘટનાને કારણે મુખ્ય પ્રધાનને રાજીનામું આપવું પડ્યું હતું

ચક્રવાત ટીમ, મુંબઈ. તા. ૨૩

ઓરિસ્સામાં આઈએફએસ અધિકારીની પત્ની સામે ગેંગરેપ કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ મહારાષ્ટ્રથી કરવામાં આવી છે. આ જ મુદ્દા પર ઓરિસ્સાના પૂર્વ મુખ્ય પ્રધાન અને કોંગ્રેસ નેતા જે.બી. પટનાયકને ૧૯૯૯ માં રાજીનામું આપવું પડ્યું હતું. ભુવનેશ્વર-કટક પોલીસ કમિશનર એસ સારંગીએ સોમવારે જણાવ્યું હતું કે વિવેકાનંદ બિસ્વાલ ઉર્ફે બિબાનની ધરપકડ મહારાષ્ટ્રના લોનાવાલાના અંબી ઘાટથી કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે બીબેન જલંધરમાં ખોટી ઓળખ સાથે પ્લમ્બર તરીકે કામ કરતો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે, આરોપીને પકડવા માટે ત્રણ મહિના પહેલા ઓપરેશન સાયલન્ટ વાઈપર શરૂ કરવામાં આવ્યું હતું. આ આધારે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. રાજ્યમાં સામુહિક બળાત્કારની ઘટનાના પગલે પૂર્વ મુખ્યમંત્રીએ રાજીનામું આપવું પડ્યું હતું.

આ કેસમાં ૩ આરોપીઓમાથી બેની ધરપકડ કરવામાં આવી હતી અને આરોપી જાહેર કરવામા આવ્યુ હતુ.. જો કે, બીબેન લગભગ બે દાયકાથી ફરાર હતો. આ કેસમાં આરોપી પૈકીના એક આરોપી પ્રદિપ સાહુ ઉર્ફે પડિયાનું ગયા વર્ષે હોસ્પિટલમાં નિધન થયું હતું. પડિયાની પહેલી ધરપકડ ૧૫ જાન્યુઆરી, ૧૯૯૯ ના રોજ કરવામાં આવી હતી.

ખુર્દા ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજે ૨૦૦૨ માં પાડિયા અને તુના મોહંતીને દોષી ઠેરવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. હાઈકોર્ટે પણ આ નિર્ણયને સમર્થન આપ્યું હતું. ત્રણેયે ૯-૧૦ જાન્યુઆરીની રાત્રે સંબંધિત મહિલાની કાર રોકી હતી અને તેની સાથે ગેંગરેપ કર્યો હતો. મહિલા પત્રકાર મિત્ર સાથે કટક જઈ રહી હતી. આ કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો છે.

# તે મંત્રી પર કેમ કાર્યવાહી નથી થઈ ? બીજેપી પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંત પાટિલ



ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૩

પુણેમાં આત્મહત્યા કરનારી યુવતીનો ફોટો સરકારના એક મંત્રી સાથે છપાયો છે આમ છતાં તેની પર કાર્યવાહી કેમ નથી થતી તેવો પ્રશ્ન બીજેપી પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંત પાટીલે પૂછ્યો હતો. જ્યાં સુધી મૃતક યુવતીને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશે તેમ દાદાએ જણાવ્યું હતું.

આટલા દિવસ પછી આ મંત્રી જાહેરમાં આવ્યા છે ત્યારે મીડિયા તેનું જુલૂસ દર્શાવે છે. સરકાર ચૂપ છે. શિવસેના અને એનસિપી પણ ચૂપ છે. મુખ્યપ્રધાન ઉદ્ધવ તેમ જ શરદ પવાર એક હરફ નથી ઉચ્ચારતા તે શરમજનક છે. પરંતુ બીજેપી ચૂપ નહીં રહે આ યુવતીને ન્યાય અપાવીને જ રહેશે જ્યાં સુધી મંત્રી પર કાર્યવાહી નહીં થાય અને ન્યાય નહીં થાય ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશે તેમ બીજેપી પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંત દાદા પાટીલે કહ્યું હતું.

# દામનગર પાલિકા તંત્રનો વિચિત્ર નિયમ



ચક્રવાત ટીમ દામનગર, તા.૨૩

દામનગર નગરપાલિકા નું વેપારી ઓ સાથે ઓરમાયું વર્તન કેમ ? મુખ્ય બજારો માં આવશ્યક સફાઈ સેવા રવિવારે બંધ કેમ? શહેર ની લુહાર શેરી કાયમ ગટર ના ગંદા પાણી રોડ ઉપર શહેર ના રામજી મંદિર ના દરવાજા પાસે ભારે ગંદકી ઠેર ઠેર સળગતા ઉકરડા આ દ્રશ્યો સવાર ના ૧૦-૦૦ ના છે.

શહેરી વિકાસ વિભાગ ની નગર પાલિકા શહેર ના દરેક નાના મોટા વેપારી ઓ પાસે વ્યવસાય વેરો પંદર વર્ષ થી વસુલાત કરે છે શહેર ના વેપારી ઓને શુ સુવિધા આપી? જાહેર ટોયલેટ અને સફાઈ સેવા બંધ કરી વેપારી ઓ સાથે અન્યાય કેમ? દામનગર શહેર ની મુખ્ય બજારો માં સુવિધા આપવા ના બદલે ઝૂંટવી લેવાય છે ખૂબ મોટો વ્યવસાય વેરો ભરતા વેપારી ઓને પ્રાથમિક સુવિધા જાહેર ટોયલેટ અને મુખ્ય બજારો સફાઈ સુવિધા મળશે?

એક બાજુ સરકાર સ્વચ્છતા અભિયાન ની મુહિમો ચલાવે છે તેવા સમયે પાલિકા શાશકો ની ઉલ્ટી ગંગા શહેર માં માત્ર કાયમી ૪ સફાઈ કર્મચારી જ છે. સફાઈ અભિયાન ના નામે શહેરી સંકુલ બહાર ખુલ્લા મેદાનો નંદીનાળા ના પટ આર એન્ડ બી ની જગ્યા બિન જરૂરી ખર્ચ કરતું તંત્ર શહેર ની મુખ્ય બજારો માં નિયમિત સફાઈ સેવા આપશે ?

# દામનગરમાં અકસ્માતે ઘાયલ ઢેલ માટે કરૂણા, ચાની કીટલી ચલાવતા મહેબૂબની માનવતા



ચક્રવાત ટીમ દામનગર, તા.૨૩

દામનબાગર શહેરમાં જાહેર રસ્તા ઉપર અકસ્માતે પડી ગયેલ ઢેલ પ્રત્યે મુસ્લિમ મહેબૂબની માનવતા વેજનાથ મંદિર સામે ચાની કીટલી ચલાવતા યુવકને રોડ પર અકસ્માતે પડી ગયેલ ઢેલ ઉપર નજર પડતા ત્વરિત લઈને પશુ ચિકિત્સકો અને વન વિભાગને જાણ કરી જ્યાં સુધી ઘાયલ ઢેલને સુરક્ષિત સારવારમાં ન લેવાય ત્યાં સુધી પોતાની ચા કીટલી બંધ રાખી દામનગર વન વિભાગ અને કરુણા નેચર નર્સરીના અર્જુનભાઇ અને રાઠોડભાઈને ઘાયલ ઢેલ સોંપી સારવાર અને સુરક્ષાની ખાત્રી મેળવી ઢેલનું ભવિષ્ય સુનિશ્ચિત કર્યું હતું સવારના આઠ આસપાસના સમયે ચાની કીટલી ચલાવતા મહેબૂબભાઈની હોટલ સામે રોડ ઉપર તડફડતી ઢેલ ઉપર નજર પડતા જ જીવદયાના હિમાયતી મહેબૂબભાઈએ વિના વિલંબ ઢેલને લઈ પશુ ચિકિત્સક અને વન વિભાગના કર્મીઓને જાણ કરી અને ઘાયલ ઢેલને સારવાર કરી દામનગર નર્સરીના કર્મચારીઓને સોંપી હતી.

# પાટડીમાં કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો



ચક્રવાત ટીમ, તા.૨૩

આજરોજ સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા તાલુકાના પાટડી ખાતે વિજય ચોકમાં દસાડા તાલુકાના નગરપાલિકાની ચૂંટણી કોંગ્રેસ દ્વારા સભા નું આયોજન કરવામાં આવ્યું હતું કોંગ્રેસ ના નગરપાલિકા તમામ ઉમેદવારોએ ચૂંટણી ઢંઢેરો પાટડી ના મતદારો વચ્ચે જાહેર કર્યુ હતું આ સમયે દસાડા લખતર વિધાનસભા ના ધારાસભ્ય નૌશાદ સોલંકી જીલ્લા પંચાયત સદસ્ય નટુજી ઠાકોર હેગોરભાઈ રબારી અશોકભાઈ દિનેશભાઈ રથની દસાડા તાલુકા કોંગ્રેસ મહામંત્રી વિક્રમ રબારી દસાડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ નાગજીભાઈ દસાડા તાલુકાના કોંગ્રેસ ઉપપ્રમુખ નિમેષ ભાઈ હાજર રહ્યા હતા ત્યારે નૌશાદ સોલંકી એ જણાવ્યું હતું કે ભાજપ સત્તા પક્ષ નું દુરુપયોગ કરી રહી છે સતા જોરે સામ દંડ દાદાગીરી આને નિમ્નકક્ષાનું રાજકારણ રમી રહી છે.

# મહીસાગરમાં છ મહાનગરોમાં ભાજપની જીત થતા વિજયોત્સવ



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૨૩

મહીસાગર જિલ્લા ભાજપ દ્રારા મહાનગરપાલિકા ચુટણીમાં ભાજપનો વિજય થતાં મહીસાગર. ભાજપ દ્રારા વિજય ઉત્સવ ફટાકડા ફોડીને કરવામાં આવ્યો જેમાં જિલ્લા પ્રમુખ દશરથસિહ બારીયા.ઉપપ્રમુખ જેઠાભાઈ વણકર ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક મહામંત્રી પ્રદિપસિહ રાઠોડ. યુવા મોરચાના જીગરભાઈ પંડયા એમ યુવા કાર્યેકર મિત્રો દ્રારા કાર્યકમ કરવામાં આવ્યો.

# ઊના શહેર કોરોના મુક્ત ૨૩ દિવસમાં એક પણ કોરોના કેસ નહી, ૨ હજારથી વધુ ટેસ્ટ થયા

ચક્રવાત ટીમ ઊના, તા.૨૩

કોરોના મહામારી ગત માર્ચ ૨૦૨૦ના અંતમાં શરૂ થયેલ ત્યાર બાદ સમગ્ર દેશમાં કોરોનાનું સંક્રમણ ન ફેલાય તેને ધ્યાને રાખી લોકડાઉન કરવામાં આવ્યુ હતું. અને કોરોનાનું સંક્રમણમાં પણ વધારો થયેલ હતો. અને ત્યાર બાદ કેઈસમાં ધટાડો પણ થવા લાગેલ. હાલ દેશમાં કોરોનાની રસી આવ્યા બાદ લોકોને કોરોના રસી આપવામાં આવી હતી. ત્યારે ભારત દેશમાં ૧ કરોડથી વધુ લોકોએ કોરોનાની રસી લઈ ચુક્યા છે. ત્યારે ઉના શહેરમાં કોરોનાની શરૂઆત થઈ ત્યારથી તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં છેલ્લો એક કેઈસ નોધાયેલ હતો. ત્યાર બાદ છેલ્લા ૨૩ દિવસમાં એટલે કે ફેબ્રુ.૨૦૨૧ માં એક પણ કોરોનાનો કેઈસ નોધાયેલ નથી. આથી શહેર કોરોના મુક્ત થયેલ છે. જોકે દિવસ દરમ્યાન **ANTIGEN** ૬૯૪ ટેસ્ટ તેમજ **RTPCR** ૮૦ લોકોના ટેસ્ટ કરવામાં આવે છે. ગત જાન્યુ.ના માસમાં છેલ્લો એક કેઈસ બાદ ફેબ્રુ. માસમાં ૨૨૦૦ થી વધુ લોકોના ચેકઅપ કરવામાં આવ્યા છે. જોકે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની વાત કરવામાં આવે તો અઠવાડીયામાં એકાદ કેઈસ બહાર આવતો હોવાનું આરોગ્ય વિભાગના સુત્રો માંથી જાણવા મળેલ છે. આમ શહેરમાં કોરોના મુક્ત થતાં લોકોએ પણ રાહતની લાગણી અનુભવી રહ્યાં છે.

ઉના શહેરમાં પ્રથમ કોરોના પોઝીટીવ કેઈસ તા.૧૭ મે ૨૦૨૦ના બહાર આવ્યો હતો. અને છેલ્લો કેઈસ તા.૩૧ જાન્યુ. ૨૦૨૧ ના આવ્યો હોય આમ અત્યાર સુધીમાં કુલ ૨૯૮ કેઈસ નોધાયા હતા. જેમાં ૬૦૩૦ લોકોના ચેકઅપ કરવામાં આવ્યા છે. અને ૧૩૭૦ વ્યક્તિઓને કોવીસીલ રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવેલ છે.

તાલુકામાં પ્રથમ કોરોના પોઝીટી કેઈસ તા.૧૧ મે.૨૦૨૦ ના બહાર આવ્યો હતો. અને છેલ્લો કેઈસ તા.૨૦ ફેબ્રુ. ૨૦૨૧ના ભાડાસી ગામે આવ્યો હતો. અત્યાર સુધીમાં ૪૮૨ કેઈસ નોધાયા હતા. જેમાં ૬ હજારથી વધુ લોકોના ચેકઅપ કરવામાં આવ્યા છે. અને ૨૮૭૯ વ્યક્તિઓને કોવીસીલ રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવેલ છે.

# જૂનાગઢ શાપુર-૨૮ તાલુકા-જિલ્લા પંચાયત ઉમેદવારના 'સારથી' ટિનુંભાઈ ફળદુનો કોંગ્રેસને જીતાડવા હુંકાર

### મે લોકો ના કામ કરી મારી ઓળખાણ ઊભી કરી છે : ટીનું ફળદુ

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૨૩

ગત વિધાનસભા ની ચૂંટણી માં ભાજપ માથી ઉમેદવારી નોંધાવનાર નીતિન ફળદુ (ટીનું) એ થોડા સમય પહેલા જ ભાજપ સામે પોતાનો રોષ ઠાલવ્યો હતો અને બહોળી સંખ્યા મા સર્વજ્ઞાતિના પોતાના કાર્યકર્તાઓ સાથે ભાજપ સાથે છેડો ફાડ્યો હતો. ત્યારે હાલ જૂનાગઢ જિલ્લાની શાપુર ૨૮ જિલ્લા પંચાયત પરથી પોતાના ભાઈ શરદભાઈ ફડદુ એ જિલ્લા પંચાયતની ઉમેદવારી નોંધાવી છે. અને તેમના સાથી મિત્રોએ તાલુકા પંચાયતમાં ઉમેદવારી નોંધાવી છે



અને ૧૮ ગામોના નવ સરપંચો ટીનુંભાઈ ફડદુ સાથે કોંગ્રેસમાં જોડાયા છે ત્યારે ટીનુંભાઈ ફડદુએ આ બાબતે જણાવ્યું હતું કે મોંઘવારી, શિક્ષણ, કિસાનના પ્રશ્નો જાણે કે સવાલોના ઘેરામાં આવી ગયેલી ભાજપ સરકારને ઘણા નારાજ વ્યક્તિઓને કારણે આવનાર સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ની હાર સહન કરવી પડશે. કારણકે માત્ર વાયદાઓ થી પેટ નથી ભરાતું ત્યારે હાલની પરિસ્થિતિ જોતા અને તાલુકા જિલ્લા પંચાયતના સર્વ સમાજના ટીનુંભાઈ ફડદુ સાથેના કાર્યકર્તાઓ દ્વારા જાણવા મળી રહ્યું છે કે અમારો સારથી મજબૂત છે જેથી કોંગ્રેસની જીત નક્કી છે અને ટીનુંભાઈ ફડદુએ પોતાના કામથી પોતાની ઓળખાણ ઉભી કરી છે જે ભાજપ અને કાર્યકર્તાઓ સારી રીતે જાણે છે.

# ચૂંટણી જીતીને જ સત્તામાં આવીશું,સરકાર નહિ બનાવીએ: એઆઈએડીએમકે

(જી.એન.એસ.)પોંડિચેરી,તા.૨૩

પોંડીચેરી વિધાનસભામાં શાસક કોંગ્રેસ પક્ષ બહુમતી સાબિત કરી શક્યુ નહીં. રાજ્યપાલે જાહેર કર્યુ કે સરકાર પાસે બહુમતી નથી, તેમ જ મુખ્યમંત્રી વી નારાયણસામીએ રાજીનામું આપ્યું છે. પોંડીચેરીની સરકાર પડ્યાના એક દિવસ પછી એઆઈએડીએમકેના નેતા એ અંબાલાગને કહ્યું, "અમારે હવે સરકાર બનાવવાનો કોઈ હેતુ નથી, કેમ કે ચૂંટણીની તારીખો ફક્ત ૧૦ દિવસમાં જ જાહેર કરવામાં આવશે." અમે ચૂંટણીનો સામનો કરીશું અને લોકતાંત્રિક રીતે સરકાર બનાવીશું. પોંડીચેરી વિધાનસભામાં સોમવારે કોંગ્રેસ પોતાનું બહુમત સાબિત કરી શકી નથી.

### રાજકોટ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે ઉદિત અગ્રવાલના હસ્તે

# રાજકોટમાં ફાયર સેફટી ઓફિસર ટ્રેનિંગ પ્રોગ્રામનો શુભારંભ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૩

રાજ્ય સરકાર અને રાજકોટ મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આજે તા.૨૨-૦૨-૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે ફાયર સેફ્ટી ઓફિસર અંગેની ટ્રેનિંગ ની શરૂઆત મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. સમગ્ર ભારતમાં સૌપ્રથમ ગુજરાતમાં અને ગુજરાતમાં પ્રથમવાર ચાર મહાનગરો જેમાં રાજકોટ, ગાંધીનગર, અમદાવાદ અને સુરતમાં પ્રથમ તબક્કાની ટ્રેનિંગ શરૂ કરવામાં આવી છે. રાજકોટમાં મોરબી રોડ ઓવરબ્રીજ પાસે ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે યોજાયેલા આજથી ટ્રેનિંગ પ્રોગ્રામનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે નાયબ મ્યુનિ. કમિશનર એ.આર.સિંહ અને સી.કે.નંદાણી, ચીફ ફાયર ઓફિસર આઈ.વી. ખેર, સિટી એન્જી. વાય.કે.ગૌસ્વામી, નાયબ ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબા, આસી. મેનેજર વત્સલ પટેલ તેમજ ફાયર શાખાની ટીમ ઉપરાંત અન્ય સંસ્થામાંથી આવેલા માસ્તર ટ્રેઈનર નીરજ દુબે (ડેપ્યુટી જનરલ મેનેજર ઓફ ફાયર એનર્જી, જામનગર), વિનય ચોટાઈ (સિની. ઓફિસર ઓફ ગુજરાત ગેસ લીમીટેડ), વિવેક બુચક (જામનગર મ્યુનિ. કોર્પોરેશનના એક્સ. ફાયર ઓફિસર) અને આર.કે. મહેશ્વરી (રાજકોટ મહાનગરપાલિકાના એક્સ. ફાયર ઓફિસર) તેમજ ખાનગી ક્ષેત્રમાંથી ટ્રેનિંગ લેવા આવેલા બી.ઈ. મિકેનિકલ અને ઈલેક્ટ્રીકલ ડીગ્રી ધરાવતા ૨૨ ફાયર સેફ્ટી ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.




આ પ્રસંગે મ્યુનિ. કમિશનરએ જણાવ્યું હતું કે, આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં તાલીમાર્થીઓને થીયરીક્લ અને પ્રેક્ટિકલ એમ બંને પ્રકારની તાલીમ આપવામાં આવશે. શહેરમાં રાખવામાં આવેલ ફાયર સેફ્ટીના સાધનોનો ઉપયોગ કેવી રીતે કરાવવો, આગ લાગે ત્યારે તેમાંથી કેવી રીતે બચવું તે અંગેનું માર્ગદર્શન ફાયર સેફ્ટી ઓફિસરોને આપવામાં આવશે. રાજકોટ શહેરમાં ૧૦ હજારથી વધુ બિલ્ડીંગ છે ત્યારે ફાયર સેફ્ટીનું મહત્વ ખુબ જ વધી જાય છે. ફાયર સેફ્ટી એ માત્ર તંત્રની જ નહીં પરંતુ એક સામાજિક જવાબદારી પણ છે. ટેમ્પરરી ફાયર એન.ઓ.સી. આપવામાં આવતું હાય છે, જે બાંધકામ સાઈટની કામગીરી ચાલુ હોય તેને ટેમ્પરરી એન.ઓ.સી.આપવામાં આવે છે જયારે બાંધકામ પૂર્ણ થયે તેને ફાઈનલ એન.ઓ.સી. આપવામાં આવે છે અને આ એન.ઓ.સી. સમયાંતરે રીન્યુ પણ કરવાનું હોય છે. આ માટે પ્રાઈવેટ એજન્સીઓની જવાબદારી બને છે. માત્ર ફાયર એન.ઓ.સી લેવાથી કે સાધન રાખવાથી સમસ્યા હલ નહી થાય આ માટે લોકોની પણ જવાબદારી રહે છે. આવશ્યકતા જણાયે લોકોએ પણ સમયસુચકતા સાથે પોતાની જવાબદારી નિભાવવાની રહે છે. અલબત્ત ફાયર સેફ્ટી અને રેસ્ક્યુ માટે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ ચોવીસે કલાક સક્રિય છે જ પરંતુ નાગરિકોએ પણ પોતાની વ્યક્તિગત જવાબદારી સમજવાની રહે છે.

રાજકોટ એ સૌરાષ્ટ્રનું રિજિયોનલ સેન્ટર છે, શહેરમાં ઘણા ફાયર સેફ્ટી ઓફિસરોની જરૂર છે, ફાયર સેફ્ટી ઓફિસરની કામગીરી એ માનવતાની સેવાનું કામ છે.

# દામનગર:નંદીશાળાનીપ્રવૃત્તિથી પ્રભાવિત થતા મહેશ કસવાલા



ચક્રવાત ટીમ દામનગર, તા.૨૩

દામનગર શહેર ની જીવદયા પરિવાર ટ્રસ્ટ ની નંદીશાળા ની શુભેચ્છા મુલાકાતે ગુજરાત ભારતીય જનતા પાર્ટી ના પ્રવક્તા મહેશભાઈ કસવાળા અમરેલી જિલ્લા સાંસદ નારણભાઈ કાછડીયા લાઠી નગરપાલિકા ના ભરતભાઈ પાડા સહિત ના અગ્રણી ઓએ અબોલ જીવો ની સેવા નિહાળી ખૂબ ખુશી વ્યક્ત કરી કરી ઘણી જગ્યા એ ગૌશાળા ઓ જોઈ પણ આર્થિક ઉપાર્જન ના આધાર સ્વમાની પશુ બળદો ની સેવા નિહાળી ખૂબ પ્રભાવિત થતા મહેશભાઈ કસવાળા અને સાંસદ નારણભાઈ કાછડીયા ભરતભાઇ પાડા એ જીવદયા પરિવાર ટ્રસ્ટ ની નંદીશાળા દ્વારા થતી વંદનીય પ્રવૃત્તિ થી અવગત કરતા ભગવાનભાઈ નારોલા એ દરેક વોર્ડ વિભાગો થી અવગત કર્યા હતા જીવદયા પરિવાર ટ્રસ્ટ માં પધારેલ મહાનુભવો નું સંસ્થા ના ટ્રસ્ટી ઓ અને સ્વંયમ સેવકો એ ઉષ્મા ભર્યુ સ્વાગત કર્યુ હતું.

### અમે બંને ટેસ્ટ જીતવાના માઇન્ડસેટ સાથે મેદાનમાં ઊતરીશું

# ગર્વની વાત છે કે વર્લ્ડનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ આપણા દેશમાં છે

અમદાવાદ,તા.૨૩

ભારતના કેપ્ટન વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડ સામે અમદાવાદના નવનિર્મિત મોટેરા સ્ટેડિયમ ખાતેની ડે-નાઈટ ટેસ્ટ પહેલાં મીડિયા સાથે વાત કરી હતી. કોહલીએ કહ્યું હતું કે અમારા માટે ગર્વની વાત છે કે વર્લ્ડનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ અહીં જ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરવાઈસ આ ગજબનું સ્ટેડિયમ છે. અમે ખુશ છીએ કે આટલું સુંદર સ્ટેડિયમ આપણા દેશમાં બન્યું. પિન્ક બોલ સ્વિંગ તો થશે, પરંતુ બહુ ઓછો થશે.

ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ક્વોલિફાઇ થવા માટે ભારતે ૧ ટેસ્ટ જીતવી જરૂરી છે. જ્યારે ૧ ડ્રો કરશે તોપણ ચાલશે. તો શું આ ટીમ ઈન્ડિયા માટે એડવાન્ટેજ છે? આ પ્રશ્નનો જવાબ આપતાં કોહલીએ કહ્યું હતું કે અમે બંને મેચ જીતવાના માઈન્ડસેટ સાથે મેદાનમાં ઊતરીશું. અમે રિયાલિટીમાં રહીને આવતીકાલ માટે તૈયારી કરીશું, જે અમે કરી છે. જ્યારે તમને ખબર નથી કે આવતીકાલે શું થવાનું છે તો ફ્યુચરનું વિચારીને કોઈ ફાયદો નથી.



પિન્ક બોલ સાથેની મેચમાં ઓરેન્જ સીટ્સથી તકલીફ થશે કે કેમ? આ પ્રશ્નનો જવાબ આપતાં કોહલીએ કહ્યું હતું કે મોટેરાની સાઈટ સ્ક્રીન બ્રોડ છે તેમજ સીટ એવા એન્ગલ્સ પર છે, જ્યાં બેટ્સમેનનું ધ્યાન ન જાય, તેથી બેટિંગ કરતી વખતે ઓરેન્જ સીટ્સ શાઈન મારશે અને બેટ્સમેનને તકલીફ પડશે એવું નહીં થાય. રહી વાત ફિલ્ડિંગની તો અમે પ્રેક્ટિસ સેશનમાં જોયું કે બોલને ધ્યાનથી જોઈશું તો પીક કરવામાં અઘરું નહીં પડે.

વિરાટ મોટેરા ખાતે બેમાંથી એક ટેસ્ટ જીતવાની સાથે જ ઘરઆંગણે ભારતનો સૌથી સફળ ટેસ્ટ કપ્તાન થઈ જશે. બંનેએ અત્યારે દેશમાં સંયુક્તપણે ૨૧-૨૧ ટેસ્ટ જીતી છે. આ અંગે કોહલીએ કહ્યું હતું કે મારી જવાબદારી ઈન્ડિયન ક્રિકેટને આગળ લઈ જવાની છે. હું રેકોર્ડ્સ પર ધ્યાન આપતો નથી. હું મેદાનમાંથી પરત ફરું છું ત્યારે મને ખબર પડે છે કે રેકોર્ડ બન્યા છે.

કોહલીએ વધુમાં કહ્યું હતું કે અમારું લક્ષ્ય ગુડ ક્રિકેટ રમવાનું છે. અમે ઈંગ્લેન્ડની તાકાત અને નબળાઈ વિશે નથી વિચારતા. અમે તેમના ઘરઆંગણે તેમને મદદ કરતી પરિસ્થિતિમાં જીત મેળવી છે. એવામાં અમને ખબર છે કે જો સિમ ફ્રેન્ડલી ટ્રેક હશે તો એ સિમ ફ્રેન્ડલી અમારા બોલર્સ માટે પણ હશે.

# ઓસ્ટ્રેલીયા ઓપન : કોર્ટની સ્પિડને લઈ મહિલા ખેલાડીઓ કરે વધુ ફરિયાદો

મેલબર્ન,તા.૨૩

વર્ષનું પહેલું ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયા ઓપન પુરી થઇ ગયું છે. સર્બિયાના નોવાક જોકોવિચે પુરૂષ સિંગલ્સ અને જાપાનની નાઓમી ઓસાકાએ મહિલા સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું છે. આ બધા વચ્ચે પુરી ટુર્નામેન્ટ સમયે જે વાતની ચર્ચા રહી તે કોર્ટની સ્પીડની હતી. ચોથા રાઉન્ડમાં હારીને બહાર થયેલ યુએસ ઓપન વિજેતા ડોમિનિક થીએમે જણાવ્યું કે જોન કૈન એરિના પર પ્રેક્ટિસ કરી રહ્યા હતા. હાર્ડકોર્ટથી બોલ ઘણી ફાસ્ટ આવી રહી હતી. તેણે ત્રીજા રાઉન્ડ બાદ કહ્યું હતું કે, "આ મારી કારકિર્દીનું સૌથી ફાસ્ટ ગ્રાન્ડ કોર્ડ હતું.' નોવાક જોકોવિચ પ્રમાણે જ્યારથી તેણે અહિયા રમવાનું શરૂ કર્યું છે, કોર્ટ આ વખતે ફાસ્ટ હતું. આ નિવેદનો બાદ ટુર્નામેન્ટનું આયોજન કરનાર ટેનિસ ઓસ્ટ્રેલિયાની તકલીફ વધી ગઈ છે. ગત વર્ષે ટુર્નામેન્ટ સમયે ઘણા ખેલાડીઓએ કોર્ટ ઘણી ધીમું હોવાની વાત કરી હતી.



ટેનિસ ઓસ્ટ્રેલિયાના ઈનોવેશન હેડ મૈહર રીડે કહ્યું કે, 'પ્રી ટૂર્નામેન્ટ ટેસ્ટનું પરીણામ ગત વર્ષથી સમાન ન હતું. ટેનિસ કોર્ટ હંમેશા કાતો વધુ ઝડપી કે પછી ઘણું ધીમું હોય છે. જો વાતાવરણ બદલાય છે તો ખેલાડી મેચ સમયે પોતાનો અભિપ્રાય બદલી શકે છે.

# ધનીપુર એરસ્ટ્રીપમાં શૂટ થતી જ્હોન અબ્રાહમની ફિલ્મ 'એટેક'ની ટીમ પર થયો પથ્થરમારો

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૨

બોલિવૂડ એક્ટર જ્હોન અબ્રાહમ આ દિવસોમાં તેની આગામી ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. અભિનેતા હાલ તેની ફિલ્મ 'એટેક'નું શૂટિંગ કરી રહ્યો છે. તાજેતરમાં, અભિનેતા ધનીપુર એરસ્ટ્રીપ પર શૂટિંગ કરી રહ્યો હતો. તે સમયે સેટ પર મોટો વિવાદ થયો હતો. શૂટિંગ દરમિયાન ગામના ઘણા ગામના લોકો શૂટિંગ જોવા માટે પહોંચ્યા હતા પરંતુ સુરક્ષા ટીમ સાથે તેમનો ભારે વિવાદ થયો હતો. આ વિવાદ દરમિયાન ગ્રામજનોએ શૂટિંગ ટીમે પર પથ્થરમારો કર્યો હતો. ધનીપુર એરસ્ટ્રીપ પર ફિલ્મ 'એટેક'નું શૂટિંગ ચાલી રહ્યું છે. જ્હોન અબ્રાહમના



એક્શન સીન્સ રન-વે પર ફિલ્માવવામાં આવી રહ્યા છે. રવિવારે પણ શૂટિંગ ચાલુ રહ્યું. બપોરના સુમારે ઘણા લોકો શૂટિંગ જોવા આવ્યા હતા. મુખ્ય દરવાજો બંધ થતાં જ લોકોએ એરસ્ટ્રીપની સીમા ઉપર ચડીને ચીલાવાનું શરૂ કર્યું.કેટલાક બદમાશોએ અપશબ્દો અને દુર્વ્યવહાર પણ શરૂ કરી દીધા હતા. આથી શૂટિંગમાં ખલેલ પડવા માંડી.

જ્યારે સુરક્ષા ટીમે તેમને ત્યાંથી ભગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે બંને પક્ષે દૂરથી વાદવિવાદ શરૂ થયો હતો. દરમિયાન કેટલાક બદમાશોએ સુરક્ષા ટીમે પથ્થરમારો કર્યો હતો. ટીમે તે જ પથ્થરોને ફરીથી ભીડ તરફ ફેંકીને તેમને ભગાડવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ કારણે શૂટિંગ બંધ થઈ ગયું હતું.એક્ટિંગ અને ડિરેક્શન ટીમમાં હંગામો મચી ગયો હતો. ઉતાવળમાં ઉચ્ચ અધિકારીઓને માહિતી આપવામાં આવી હતી. પોલીસ મથકથી પોલીસ દળ મોકલાયો હતો. પોલીસને જોઈને ગામલોકો ખેતરોમાંથી ભાગ્યા હતા. પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટરના જણાવ્યા મુજબ પથ્થરમારાની માહિતી મળતા પોલીસને જોઈને ગામલોકો ત્યાંથી ભાગી ગયા હતા. આ કેસમાં કોઈ કેસ દાખલ થયો નથી.

# વરૂણ અને ક્રિતીની હોરર ફિલ્મ 'ભેડિયા'નું પોસ્ટર રિલીઝ : ૧૪ એપ્રિલ ૨૦૨૨એ ફિલ્મ થશે રિલીઝ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૨

વરૂણ ધવન અને ક્રિતી સેનનની જોડી ફરી એકવાર સિલ્વર સ્ક્રીન પર જોવા મળશે. બંને કલાકારો છેલ્લે રોહિત શેટ્ટીની 'દિલવાલે' ફિલ્મમાં સાથે જોવા મળ્યા હતા. ફિલ્મમાં શાહરૂખ ખાન-કાજોલની સાથે સેકન્ડ લીડ તરીકે વરૂણ ધવન અને ક્રિતી જોવા મળ્યા હતા...ત્યારે બંને હવે હોરર કોમેડીમાં સાથે જોવા મળશે. અભિનેત્રી ક્રિતી સેનને ઈન્સ્ટાગ્રામ પર તેની આવનારી ફિલ્મ 'ભેડિયા'નું પોસ્ટર શેર કર્યું. બોલીવુડ એક્ટર વરૂણ ધવન અને એક્ટ્રેસ ક્રિતિ સેનનની જોડી દર્શકોને ફરી જોવા મળશે. બંને સિતારા




હોરર કોમેડી ફિલ્મ 'ભેડિયા' માં સાથે જોવા મળશે. ફિલ્મ નિર્માતાએ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી. હોરર કોમેડી ફિલ્મ ૧૪ એપ્રિલ ૨૦૨૨ના દિવસે રિલીઝ થશે. ફિલ્મ વિવેચક તરણ આદર્શે 'ભેડિયા' ફિલ્મનો એક વીડિયો શેર કર્યો હતો. નિર્માતાઓએ જાણકારી આપી હતી કે હોરર-કોમેડી ફિલ્મ ૧૪ એપ્રિલ ૨૦૨૨માં રિલીઝ થશે . હજી ફિલ્મ રિલીઝ થયાને લાંબો સમય બાકી છે. ફિલ્મને 'સ્ત્રી' ફેમ દિગદર્શક દિનેશ વિઝાન અને અમર કૌશિકે બનાવી છે. દિનેશ વિજાનના પ્રોડકશનમાં બનનારી આ જોનરની ત્રીજી ફિલ્મ છે.

ક્રિતિ સેનને ઈન્સ્ટાગ્રામ પર 'ભેડિયા'નું પોસ્ટર શેર કર્યું. ક્રિતિએ લખ્યું ' સ્ત્રી ઔર રૂહી કો ભેડિયે કા પ્રણામ'... 'ભેડિયા ૧૪ એપ્રિલ ૨૦૨૨એ તમારા સિનેમાઘરમાં'. હાલમાં ક્રિતિ અન્ય કેટલાક પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. ક્રિતિ સેનન 'બચ્ચન પાંડે'નું શુટિંગ કરી રહી છે. થોડા દિવસ અગાઉ ક્રિતિ સેનને તેની ફિલ્મ ગણપતની જાહેરાત કરી હતી. 'ભેડિયા' ફિલ્મમાં વરૂણ ધવન અને ક્રિતિ સેનનની સાથે દીપક ડોબરિયાલ અને અભિષેક બેનર્જી પણ જોવા મળશે. અભિષેક આ પહેલા 'સ્ત્રી' ફિલ્મમાં સાથે જોવા મળ્યો હતો. ફિલ્મના મોશન પોસ્ટરને જોઈ ફેન્સમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# મીરા રાજપૂતે જણાવ્યું પોતાના ક્રશ અંગે : આ સાઉથ આફ્રિકન ક્રિકેટરને કરે છે લાઈક



મુંબઈ,તા.૨૩

બોલિવૂડ એક્ટર શાહિદ કપૂરની પત્ની મીરા રાજપૂતે હાલમાં જ સો.મીડિયા અકાઉન્ટમાં 'આસ્ક મી એનિથિંગ' સેશન કર્યું હતું. આ દરમિયાન મીરાએ ઘણાં રસપ્રદ સવાલોના જવાબ આપ્યા હતા. મીરા રાજપૂતે પોતાના ક્રશથી લઈ માથામાં રહેલાં ઈજાના નિશાન અંગે પણ વાત કરી હતી.

મીરા રાજપૂતને તેના ક્રશ અંગે સવાલ કરવામાં આવ્યો તો તેણે કહ્યું હતું કે સાઉથ આફ્રિકા તથા IPLમાં RCB (રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ) માં રમતો ક્રિકેટર એબી ડી વિલિયર્સ છે. મીરાએ એમ કહ્યું હતું કે આઈ લવ હિમ.

મીરા રાજપૂતના માથામાં એક નાનકડું નિશાન છે. મીરાને જ્યારે આ અંગે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું હતું, 'હું ત્રણ વર્ષની હતી ત્યારે બાળકોની જેમ પલંગ પર કૂદકા મારતી હતી અને પલંગનો ખૂણો વાગી ગયો.' મીરાના ફેવરિટ પિતા છે. તેની ફેવરિટ સિરીઝ 'શિટ્સ ક્રીક' છે.

મીરાને પૂછવામાં આવ્યું હતું કે તેની અને શાહીદની વચ્ચે દલીલો થાય તો કોણ જીતે છે? જેના જવાબમાં તેણે કહ્યું હતું કે તે, બીજું કોણ. મીરાને એવો પણ સવાલ પૂછવામાં આવ્યો હતો કે શાહિદની કઈ આદત તેને ગમે છે? મીરાએ કહ્યું હતું કે શાહિદને ટાઈપિંગ એરર બહુ જ થાય છે. શરૂઆતમાં તો તેને ખ્યાલ જ નહોતો આવતો કે તે શું કહેવા માગે છે. જોકે, હવે તે સરળતાથી સમજી જાય છે કે શાહિદ શું કહેવા માગે છે. મીરાએ બિકીની પહેરીને એક તસવીર શૅર કરી હતી. તેણે કેપ્શનમાં કહ્યું હતું, 'બિકીની બૉડીઝ ઍવકાડો જેવી હોય છે. તૈયાર થવા માટે લાંબી રાહ જોવી પડે છે અને એક દિવસ બાદ જ આ બેકાર થઈ જાય છે.'

મીરા પતિ શાહિદ તથા બાળકો સાથે ગોવામાં વેકેશન મનાવવા ગઈ હતી. મીરાએ સો. મીડિયામાં ગોવા વેકેશનની ઘણી તસવીરો શૅર કરી હતી.

મીરા રાજપૂત સો.મીડિયામાં ઘણી જ એક્ટિવ છે. મીરા એટલી ફિટ છે કે તેને જોઈને કોઈ એમ ના કહે કે તે બે સંતાનોની માતા છે. તે ફિટનેસ અંગે ઘણી જ સજાગ છે. મીરા રાજપૂતે જુલાઈ ૨૦૧૫માં શાહિદ કપૂર સાથે લગ્ન કર્યાં હતાં. મીરા દિલ્હીનીછે. મીરા પતિ શાહિદ કરતાં ૧૩ વર્ષ નાની છે. લગ્ન પછીના એક વર્ષ બાદ જ મીરાએ ૨૬ ઓગસ્ટ ૨૦૧૬માં દીકરી મીશાને જન્મ આપ્યો હતો. મીરા પતિ શાહિદ કપૂર સાથે 'કોફી વિથ કરન'ની પાંચમી સીઝનમાં જોવા મળી હતી. વર્ષ ૨૦૧૮માં મીરાએ દીકરા ઝૈનને જન્મ આપ્યો હતો.

# બિગબોસના સ્પર્ધન અર્શી ખાને રજૂ કર્યા અનુભવો

મુંબઈ,તા.૨૩

'બિગ બોસ ૧૪'ની ગ્રાન્ડ ફિનાલે પહેલાં ૧૧મી તથા હાલની સિઝનની સ્પર્ધક અર્શી ખાને દિવ્ય ભાસ્કર સાથે વાત કરી હતી. તેણે શોના અનુભવો તથા અંગત જીવન સાથે જોડાયેલી વાતો કહી હતી. તેણે લગ્ન અંગે પણ કહ્યું હતું. અર્શીએ કહ્યું હતું, 'બે વર્ષ પછી હું લગ્ન કરીશ. દોઢ વર્ષની અંદર છોકરો શોધી નાખીશ અને છ મહિનાની અંદર લગ્ન કરીશ. લવ મેરેજમાં વિશ્વાસ છે અને ઈચ્છું છું કે પાર્ટનર પૈસાદાર, હેન્ડસમ તથા સારો વ્યક્તિ હોવો જોઈએ.'

'મને ૧૧મી સિઝન કરતાં ૧૪મી સિઝનમાં વધુ મજા આવી હતી, કારણ કે ૧૧મી સિઝનમાં મને આ શો અંગે કંઈ જ ખબર નહોતી. તે સમયે હું રમી શકી નહોતી. જોકે, આ સિઝનમાં મેં બહુ જ સારી રીતે ગેમ રમી હતી. કેટલાંક સ્પર્ધકોએ તો મને માસ્ટર માઈન્ડ કહી હતી. જ્યારે હું ઘરની અંદર ગઈ તો ત્યાં કંઈ જ મજા આવે એવું થતું નહોતું. તમામ લોકો પોતાની રીતે કરતાં હતાં અને તે બહુ જ કંટાળાજનક હતું. બસ પછી તો મેં ફની એક્ટ્સ કર્યાં અને સ્પર્ધકો વચ્ચે ઝઘડાં કરાવ્યા. અમને ચેલેન્જર્સ તરીકે ઘરમાં મોકલવાનું મુખ્ય કારણ શોની લોકપ્રિયતા વધારવાનું હતું. મને લાગે છે કે મેં આ કામ બહુ જ સારી રીતે કર્યું હતું.'



'હું મારી જીત અંગે નિશ્ચિંત નહોતી. જોકે, મને હતું કે હું ફિનાલેમાં જઈશ. અનેક સ્પર્ધકો શોની શરૂઆતથી હતા અને તેથી તેઓ ફિનાલેમાં જાય એ યોગ્ય છે. જોકે, મારા હિસાબે નિક્કી તંબોલી તથા રાખી સાવંત ફિનાલેમાં જવા માટે યોગ્ય નહોતા. નિક્કી શરૂઆતથી આ શો સાથે હતી, તો તેને તક મળી. રાખી કરતાં અભિનવ શુક્લા વધુ મજબૂત દાવેદાર હતો. જો એઝાઝ ખાન ફિનાલેમાં હોત તો સારું લાગત.' 'હું ઈચ્છું છું કે સલમાન મારા વિશે કંઈક કહે. સલમાન એવું કહે, 'અર્શી ખાન, તારા ચહેરા પરથી તો શરાફત ટપકે છે અને તું ભારતની સૌથી શરીફ વ્યક્તિ છે.' મને વિશ્વાસ છે કે સલમાન ખાનની વાતો પર લોકોને વિશ્વાસ થશે.' 'હવે હું વધુ પડતી ઈવેન્ટમાં કામ કરવા માગતી નથી. ૧૧મી સિઝન પછી મેં પુષ્કળ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. હવે મારે એક્ટિંગ પર ફોકસ કરવું છું. હું એવા પ્રોજેક્ટ સાથે જોડાવા માગું છું કે મારું નામ પણ બને અને મારા પાત્રના વખાણ થાય. વિવાદ હું જાતે ઊભા નથી કરતી પરંતુ તે થઈ જાય છે. પહેલાં કરતાં હવે વધારે ઈમેજ વિશે વિચારું છું. વિવાદથી મારી જાતને દૂર રાખવાનો પ્રયાસ કરું છું.'

# ચહેરેનું પોસ્ટર રિલીઝ : એક્ટ્રેસ રિયાનો ફોટો ગાયબ



મુંબઈ,તા.૨૩

હાલમાં જ ઈમરાન હાશ્મીએ ફિલ્મ 'ચેહરે'નું પોસ્ટર શૅર કરીને રિલીઝ ડેટ જાહેર કરી હતી. ફિલ્મમાં અમિતાભ બચ્ચન, ઈમરાન હાશ્મી લીડ રોલમાં છે. આ ફિલ્મ ૩૦ એપ્રિલના રોજ થિયેટરમાં રિલીઝ થશે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મને આનંદ પંડિત તથા પ્રોડ્યુસર વૈશલ શાહ (ગુજરાતી ફિલ્મ 'છેલ્લો દિવસ' ફૅમ)એ પ્રોડ્યૂસ કરી છે.

આ ફિલ્મને રૂમી જાફરીએ ડિરેક્ટ કરી છે. ઈમરાને શૅર કરેલાં પોસ્ટરમાં અમિતાભ, ઈમરાન એકદમ ગંભીર મુદ્રામાં જોવા મળે છે. જ્યારે તેમની આસપાસ ક્રિસ્ટલ ડિસોઝા, અન્નુ કપૂર, ધૃતિમાન ચેટર્જી તથા રઘુવીર યાદવ છે.

આ ફિલ્મમાં રિયા ચક્રવર્તી પણ છે. જોકે, ઈમરાને શૅર કરેલાં પોસ્ટરમાં રિયા દેખાતી નથી. આટલું જ નહીં ઈમરાને ફિલ્મના કલાકારોને પોતાની પોસ્ટમાં ટૅગ પણ કર્યા છે, આમાં પણ રિયાનું નામ નથી. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે જુલાઈ, ૨૦૧૯માં રિયાએ ફિલ્મમાં પોતાનો ફર્સ્ટ લુક શૅર કર્યો હતો.

ગયા વર્ષે ૧૪ જૂનના રોજ સુશાંત સિંહ રાજપૂત મુંબઈના બાંદ્રા સ્થિત પોતાના ઘરમાં લટકતી હાલતમાં મળી આવ્યો હતો. સુશાંત તથા રિયા વચ્ચે રિલેશન હતા. રિયા ૮ જૂનના રોજ સુશાંતનું ઘર છોડીને પોતાના ઘરે ગઈ હતી. સુશાંતના પિતાએ રિયા વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ પણ કર્યો હતો. રિયા ચક્રવર્તીનું નામ ડ્રગ્સ કેસમાં આવતા તે એક મહિનો જેલ પણ રહી હતી.

ફિલ્મમેકર રૂમી જાફરીએ વેબ પોર્ટલ સ્પોટબોયને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું, 'જેલમાં રહ્યા બાદ રિયા અંદરથી સાવ તૂટી ગઈ છે. તેના માટે ૨૦૨૦નું વર્ષ ઘણું જ ખરાબ રહ્યું છે. રિયા પૂરી રીતે ભાંગી પડી છે. તે એકદમ શાંત થઈ ગઈ છે. તે બહુ બોલતી નથી.'

૬ મહાપાલિકામાં અનેક પડકારો-સમસ્યાઓને નજરઅંદાજ કરી મતદારોએ ભાજપને જીત અપાવી

# ભાજપની પ્રચંડ જીત, કોંગ્રેસ ગુમ અને આપનો ઉદય, વિપક્ષમાં આશાનું કિરણ

**કોંગ્રેસની દિવસે-દિવસે લથડતી હાલત વચ્ચે મજબૂત વિપક્ષ માટે આપમાં આશાનું કિરણ દેખાયું!**

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૩

આજે છ મહાનગરપાલિકાની ૫૬૮ બેઠકની મતગણત્રીની કાર્યાવાહી મોટાભાગે સંપન્ન થતાં છ એ છ મહાપાલિકામાં ભાજપની પ્રચંડ જીત થયેલ છે. તો બીજી બાજુ કોઈ એક પક્ષની પ્રચંડ જીત થાય ત્યારે વિપક્ષ પરિણામમાં દબાયેલ નજરે પડે જ કોંગ્રેસની રાજકિય સ્થિતી સતત બગડતી રહી છે ત્યારે ભાજપ સામે લોક સમસ્યાઓ મામલે લડત આપવા નવા પક્ષ આમ આદમી પાર્ટી (આપ)નો ત્રીજા પરિબળ તથા વિપક્ષ તરીકે ઉદય થયો છે. રાજ્યમાં પહેલીવાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શક્ય હોય તેટલા વધુ ઉમેદવારોને આપ દ્વારા ઉતારવામાં આવેલ હતા. સમજદાર-બૌધ્ધિક વર્ગનાં મતદારોએ એકંદરે આપને આવકારેલ છે.

કોઈપણ ચૂંટણી હોય તેમાં છેલ્લા ૭-૮ વર્ષથી ભાજપ સાથે સીધા મુકાવવામાં કોંગ્રેસ સતત પછડાટ ખાતી રહી છે તે બાબતે કોંગ્રેસના નેતાઓ-મોવડીઓએ વિચારવાનો વિષય છે. મતદારો કોંગ્રેસ પાસેથી ખસકી આપ, ભાજપ કે અન્યો સાથે શા માટે જાય છે ? ત્રીકોણીય કે બહુકોણીય જંગ હોય તો ભાજપ ધારી સફળતા મેળવી શકતો નથી! પરંતુ ગુજરાતાં આપની એન્ટ્રીએ રાજ્યમાં વર્ષોથી આવતા ભાજપ-કોંગ્રેસની વોટબેંકમાં છીંડા પાડેલ છે.

રાજ્યની છ મહાપાલિકામાં એકંદરે રાજકીય પક્ષોનાં મત અનુસાર સમસ્યાઓ-સામાજીક પ્રશ્નોનો ગંજ હોવા છતાં મતદાન ઘણું ઓછું થયેલ મતલબ અર્ધાથી વધુ મતદારો મતદાની દૂર રહ્યા તેવા સમયે ભાજપને ધારણા જેવી સફળતા મળેલ છે, કોંગ્રેસ બે મહાપાલિકામાં બે આંકડે જ્યારે ત્રણ મહાપાલિકામાં એક આંકડે રહેવા પામી છે અને સુરતમાં કોંગ્રેસ ખાતુ ખોલાવી શકેલ નથી. પરંતુ સુરતમાં કોંગ્રેસના સ્થાને વિપક્ષનું સ્થાન મેળવી ભવિષ્યમાં યોજાનાર-આવનાર સમયની ચૂંટણીઓમાં ભાજપ-કોંગ્રેસ માટે એક પડકાર સર્જી લાલબત્તી દર્શાવેલ છે.

રાજ્યમાં અનેકસ્થળે મતગણત્રીમાં ભાજપની સીધી સ્પર્ધા આપ સાથે જોવા મળેલ તે બાબત ભાજપ તથા કોંગ્રેસ કે અન્ય પક્ષોના નેતાઓએ સમજવા-વિચારવા જેવી છે. એકંદરે

**બહુમતિ મતદારો મતદાનથી દૂર રહ્યા એ સત્તાધારી અને વિપક્ષ માટે શરમજનક ઘટના જ કહેવાય**

રાજ્યમાં ભાજપ-કોંગ્રેસના વિકલ્પરૂપે છેલ્લા ઘણા વર્ષોથી જનતા જેની શોધમાં હતી તેવા એક નવા પક્ષ આપનો ઉદય થતાં ભાજપ-કોંગ્રેસને પોતાની કાર્યપધ્ધતિમાં આગામી સમયમાં ધરમૂળથી ફેરફારો કરવા પડશે તેવું આજના પરિણામો પરથી લાગી રહ્યું છે.

રાજ્યની છ પાલિકાના મોટાભાગના પરિણામ જાહેર થતાં કુલ ૫૭૬ પૈકી ૪૮૯ જેટલી બેઠક પર ક્યાંક જવલંત તો ક્યાંક સામાન્ય સરસાઈથી જીત મેળવેલ છે. વર્ષો જૂની કોંગ્રેસે અમદાવાદ, ભાવનગર, વડોદરા, રાજકોટ અને જામનગરમાં એકંદરે શુકન સાચવવા પુરતી નજીવી જીત મેળવેલ છે. જ્યારે આમ આદમી પાર્ટીએ સુરત ૨૭ બેઠકો જીતી રાજ્યના રાજકારણમાં ભૂકંપ સર્જી દીધેલ છે.

હાર-જીત પાછળ અનેક કારણો-પરિબળો જવાબદાર હોય છે. જીત થાય ત્યારે, જીતનાં ઉત્સાહમાં ઘણી નાની-મોટી ભુલો ઢંકાય જતી હોય છે અને પરાજય થાય ત્યારે ન હોય તેવા કારણો આંખે

**મતો મળ્યા એનો મતલબ એ નથી કે રાજ્યમાં નાગરિકોને કોઈ મુશ્કેલી-સમસ્યાઓ નથી!**

ઉડીને વળગે છે. ભાજપને એક તરફી જીત મળેલ છે. પરંતુ એ પણ ન ભૂલવું જોઈએ કે મતદાન માત્ર ૪૬ ટકા જેવું હતું તેનો મતલબ ૫૪ ટકા મતદારો વર્તમાન વ્યવસ્થા કે વિપક્ષથી નારાજ હતા. ભાજપને ધીંગી બહુમતિ મળેલ છે પરંતુ ખરેખર તો બહુમતિ મતદારો (૫૪ ટકા જેવા) મતદાનથી દૂર રહ્યા એ ભાજપ-કોંગ્રેસ કે અન્ય પક્ષો માટે શરમજનક ઘટના જ કહી શકાય.

વિસ્ફોટ સમયે પ્લાન્ટમાં કંપનીના તથા કોન્ટ્રાક્ટના ૩૨ જેટલા એમ્પ્લોઈ કામ કરતા હતા જેમાંથી ૭ લાપતા : અન્ય સારવાર અર્થે વડોદરા ખસેડાયા

# ઝગડીયા કેમિકલ ફેક્ટરીમાં વિસ્ફોટ : ૨૪ કામદારો ઈજાગ્રસ્ત

**બપોરે બે વાગ્યે વિસ્ફોટ સમયે લાપતા થયેલા ૨ એમ્પ્લોઈ નો મૃતદેહ મળી આવ્યો હતો**

ચક્રવાત ટીમ ઝઘડીયા,તા.૨૨

ઝઘડિયા જીઆઈડીસીના ગત રોજ રાત્રીના ૧:૩૦ વાગ્યાના અરસામાં યુપીએલ કંપનીના સીએમ પ્લાન્ટમાં એક ભયંકર વિસ્ફોટ થયો હતો. જાણવા મળતી માહિતી પ્રમાણે વિસ્ફોટમાં ત્રણ માળના લોખંડના સ્ટ્રક્ચરના પ્લાન્ટમાં ભોયતળીયે વિસ્ફોટ થતાં આખો પ્લાન્ટ કકડભૂસ થયો હતો. વિસ્ફોટ સમયે કંપનીમાં કંપનીના એમ્પ્લોય તથા કોન્ટ્રાક્ટના એમ્પ્લોય કામ કરતા હતા, જેનો ચોક્કસ આંકડો જાણી શકાયું નથી જિલ્લામાં ઠેર ઠેર શહેરોમાં તથા ગામડાઓમાં ધ્રુજારા કારણે લોકો ઘરની બહાર નીકળી ગયા હતા અને ભૂકંપ આવ્યો હોય તેવું વાયુ વેગે પ્રસરી રહ્યું હતું, પરંતુ આ ધ્રુજારો ઝઘડીયા જીઆઈડીસીની યુપીએલ કંપની માં થયેલા વિસ્ફોટનો હતો. જે પરિવારજનોના પુત્રો કંપનીની નાઈટ શિફ્ટમાં કામ કરતા હતા તેમના પ રિવારજનો વહેલી સવારે જ કંપની ખાતે ધસી આવ્યા હતા પરંતુ કંપની સંચાલકો દ્વારા તેમને કોઈ આશ્વાસન કે એમ્પ્લોય બાબતે માહિતી આપવામાં આવી ન હતી. જેનો આક્રોશ કંપની સંકુલ ખાતે જોવા મળ્યો હતો. યુપીએલ કંપનીમાં વિસ્ફોટની જાણ દેડિયાપ



ાડાના ધારાસભ્ય મહેશ વસાવા થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને દુર્ઘટના વાળા પ્લાન્ટની મુલાકાત લઈ કંપની સંચાલકો પાસે માહિતી મેળવી હતી. ધારાસભ્યને કંપની સંચાલકો એ આપેલી માહિતી મુજબ દુર્ઘટના સમયે સીએમ પ્લાન્ટમાં ૩૨ જેટલા કોન્ટ્રાક્ટના તથા કંપનીના એમ્પ્લોય ફરજ પર હતા, તે પૈકી સાત જેટલા એમ્પ્લોઈ આ લખાય છે ત્યાં સુધી હજી પણ લાપતા હોવાનું કંપનીના સંચાલકોએ જણાવ્યું હતું અને બાકીના બીજા એમ્પ્લોઈને ભરૂચ-અંકલેશ્વર તથા વધુ સારવાર અર્થે વડોદરા ખાતે ખસેડવામાં આવ્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું. ભારે વિસ્ફોટના પગલે સ્થાનિકોનો આક્રોશ આસમાને હતો જેથી ઝઘડિયા પોલીસ દ્વારા મોટો પોલીસ કાફલો યુપીએલ કંપની ખાતે ખડકી દેવામાં આવ્યો હતો. વિસ્ફોટના પગલે કંપની નો આખો લોખંડના પ્લાન્ટ ધરાશાયી થતા તેમાં કેટલાંક એમ્પ્લોય દબાયા હતા જે પૈકી કંપનીના એમ્પ્લોય (૧) વનરાજ સિંહ ડોડીયા રહેવાસી શુકલતીર્થ તાલુકો ભરૂચ (૨) નેહલ મહેતા રહેવાસી અવિધા તાલુકો ઝઘડિયા ના મૃતદેહો કાટમાળ નીચેથી મળી આવ્યા હતા બંને મૂલ્યોને ૫ ોસ્ટમોર્ટમ અર્થે લઈ જવાયા છે હજી સુધી કંપની સંચાલકો દ્વારા વિસ્ફોટ થવાનું કારણ તથા ચોક્કસ ઈજાગ્રસ્ત અને મૃત્યુઆંક જણાવાયો નથી.

# બાબરામાં પ્રેમી પંખીડાઓનો સજોડે આપઘાત

ચક્રવાત ટીમ ચિતરંજન છાટબાર, તા.૨૩

બાબરા ના શહેર માં રહેતા શ્રમિક પરિવાર અને ઉના તાલુકા ના ગ્રામ્ય વિસ્તાર માંથી ખેત મજુરી કરવા આવેલા પરિવાર ના સગીર યુવક યુવતી દ્વારા પ્રેમ સંબંધ બંધાયા બાદ દુનિયા એક નહિ થઈ શકે તેવા ડર અને બાળક બુધ્ધિ ના કારણે સજોડે વિષ પાન કરી જીવન ટૂંકાવી પ્રેમ ની વેદી ઉપર બલિદાન આપતા બાબરા વિસ્તાર માં અરેરાટી સાથે પરિવાર માં કલ્પાંત વ્યાપ્યો છે

મળતી વિગત મુજબ આજે બાબરા થી દરેડ જવા ના રસ્તા ઉપર શિમ વિસ્તાર માં અતિ દુર્ગંધ પ્રસરી ઉઠતા પસાર થતા લોકો માં કંઈક અજુગતું બન્યા ના સંકેતો ની ચર્ચા વચ્ચે આજે શિમ વિસ્તાર માં આવેલ વાડી માલિક પોતાના પશુ ને નિરણ ચારો નાખવા



ગયા બાદ વાડી નજીક ના ખાડા માં સ્ત્રી પુરૂષ ના કોહવાયેલી હાલત માં પડેલા મૃતદેહ જોવા મળતા સ્થાનિક પોલીસ માં જાણ કરવા માં આવી હતી

પોલીસ તપાસ દરમ્યાન ખૂલેલી વિગતો મુજબ બાબરા શિમ વિસ્તારમાં રહી મજુરી કામ કરતા મુળ ઉના તાલુકા ના વતની દિનેશભાઈ મોહનભાઈ દાફડા ની સગીર પુત્રી કિરણબેન ઉવ.૧૫ તેમજ બાબરા ના વતની મિસ્ત્રી અરવિંદભાઈ પરમાર નો પુત્ર સાગર ઉવ.૧૬ ગત તા.૨૧ થી ગુમ હોવાનું પરિવાર ના સભ્યો દ્વારા જણાવવા માં આવેલું અને આ બન્ને મૃ તદેહ તેમના હોવાનું ઓળખી બતાવવા ની સાથો સાથ સગીર પુત્રી ના વાલી દિનેશભાઈ દ્વારા પોલીસ માં આજરોજ આપેલી જાહેરાત મુજબ બન્ને વચ્ચે પ્રેમ સંબંધ ની ધારણા સાથે નાની ઉંમર હોઈ અને લગ્ન નહિ કરી શકવા ના ડર અને બાળક હોવાથી પક્વ બુદ્ધિ નહિ હોવાથી પોતાની મેળે કપાસ માં છાંટવા ની ઝેરી દવા પીવા ના કારણે મોત થયા નું જણાવ્યું છે

સામા પક્ષે બન્ને પરિવાર ના મોભી દ્વારા પોલીસ સમક્ષ આપેલા નિવેદન માં પોતાના બાળકો તા.૨૧ થી ઘેર કોઈ ને કહ્યા વગર નીકળી ગયા હોવાનું અને એક બીજા વચ્ચે મન મેળ પ્રેમ સબંધ માં અઘટીત પગલું ભર્યું હોવાનું જણાવ્યું છે

## ચૂંટણી બાદ તું કોણ હું કોણ? પરિણામના દિવસે જ શાકભાજીના ભાવમાં ખેડૂતો નિરાશ

(જી.એન.એસ.)ભાવનગર,તા.૨૩

ભાવનગરમાં આ વખતે ડુંગળીએ ખેડૂતોને રડાવ્યા નહીં પરંતુ હરખાવ્યા હતા ત્યાં એકાદ મહિનાથી શાકભાજી પકવતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. પડતર ભાવ પણ ન મળતા અને નાખી દેવાના ભાવે પણ કોઈ નહીં ખરીદ કરતા અંતે શાકભાજીને ઢોરને ખાવા નાખી દેવી પડે છે. ભાવનગર જિલ્લામાં ડુંગળી પરની નિકાસબંધી ઉઠતા ખેડૂતોને ડુંગળીના સારા ભાવ મળવા સાથે માર્કેટિંગ યાર્ડમાં આવક પણ પુષ્કળ પ્રમાણમાં થઈ રહી છે. જેને કારણે આ વર્ષે ખેડૂતોને ડુંગળીમાં રાહત થઈ છે. પરંતુ શાકભાજીના ખેડૂતોને તો આ વર્ષે રાતા પાણીએ રોવાના વારા આવ્યા છે. છેલ્લા એકાદ મહીનાથી ભાવનગર જિલ્લામાં શાકભાજીના ભાવ ખેડૂતોને પડતર પણ નથી આવતા. તળાજા જકાતનાકા અને અન્ય જગ્યાએ જ્યાં ખેડૂતો સીધા વેચાણ કરવા આવે છે ત્યાં હરાજીમાં ખેડૂતોને નાખી દેવાના ભાવે પણ વેચાણ થતું નથી. વહેલી સવારની હરાજીમાં ખેડૂતો સારા ભાવની આશાએ વેચાણ કરવા આવે છે પરંતુ તેઓને વાવેતરના ભાવ પણ નહી મળતા અંતે શાકભાજીને વેચાણ વગરના પાછા લઈ જવા વાહનભાડાનો ખર્ચ પણ નહીં પરવડતા તેના કરતા શાકભાજીને ઢોરને નાખી દેવાનું હિતાવહ સમજે છે. ત્યારે જો ફ્લેટવાળા કે સોસાયટીના રહીશો સામુહિક રીતે ખેડૂતો પાસેથી ખરીદી કરે અને વેચાણ કરે તો સોસાયટીના લોકોને સસ્તામાં શાકભાજી મળે અને ખેડૂતોને ફેંકી દેવાનો વારો ના આવે.

## જીતના જશ્નમાં જાનની બાજી : રાજકોટમાં વિજય સરઘસ દરમ્યાન એમ્બ્યુલન્સ ફસાઈ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨૩

૨૧મી તારીખે યોજાયેલી છ મહાનગરપાલિકાના ચૂંટણી પરિણામો ધીમેધીમે સામે આવી રહ્યા છે. શરૂઆતના વલણ પ્રમાણે ભારતીય જનતા પાર્ટીએ સપાટો બોલાવ્યો છે. સુરત ખાતે આમ આદમી પાર્ટી પણ ખાતું ખોલાવે તો નવાઈ નહીં! આ દરમિયાન સવારે ૧૧.૧૫ વાગ્યા સુધી રાજકોટમાં વોર્ડ નંબર ૭, ૧૦, ૪, ૧૩ અને એકમાં જીત મેળવી લીધી છે. જીત સાથે જ ભાજપના વિજેતા ઉમેદવારો અને તેમના સમર્થકોએ વિજય સરઘસ કાઢ્યા હતા.

આ દરમિયાન વોર્ડ નંબર ૧૦ અને ૧૩ના વિજય સરઘસ વચ્ચે એક એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં ફસાઈ હતી. આ અંગે સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે લોકો રસ્તા પર સરઘસ કાઢી રહ્યા છે. આ દરમિયાન એમ્બ્યુલન્સ સતત સાઈરન મારી રહી છે. સુરતઃ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ પ્રથમ વખતે ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. ૨૧મી તારીખના રોજ ગુજરાતમાં છ મહાનગરપાલિકાની ચૂંટણી સંપન્ન થઈ છે. આજે એટલે કે ૨૩મી ફેબ્રુઆરીના રોજ ચૂંટણી પરિણામ જાહેર થઈ રહ્યા છે. સવારે ૧૧ વાગ્યાના વલણ પ્રમાણે સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટીના ૧૧ ઉમેદવાર આગળ ચાલી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અનેક પાટીદારોએ આ વખતે કોંગ્રેસનો સાથ છોડીને આમ આદમી પાર્ટીના ઉમેદવારોને સમર્થન જાહેર કર્યું હતું.

## સુરતમાં આપની સફળતા બાદ કેજરીવાલનો ૨૬મીએ રોડ શો

**મનીષ સીસોદીયાએ સુરતમાં પગપેસારા બાદ પત્રકારોને આપેલી જાણકારી**

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં ૬ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો આવી રહ્યા છે. ગુજરાતમાં ત્રીજા પક્ષ તરીકે આમ આદમી પાર્ટીએ એન્ટ્રી કરીને સફળતા મેળવી છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ સારૂ પ્રદર્શન કરતા સુરત મહાનગરપ ાલિકામાં આમ આદમી પાર્ટીએ ૨૭ બેઠક જીતી છે. સુરતમાં આમ આદમી પાર્ટીની ભવ્ય સફળતા બાદ અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યુ હતું. સુરતમાં અરવિંદ કેજરીવાલ રોડ શો કરશે. અને સુરતની જનતાનો આભાર વ્યક્ત કરશે. ૨૫ કે ૨૬ ફેબ્રુઆરીએ અરવિંદ કેજરીવાલ સુરતમાં આવશે. આપને મળેલી ભવ્ય સફળતા બાદ તેઓ અભિવાદન માટે સુરત પહોંચશે અને વરાછા વિસ્તારમાં ભવ્ય રોડ-શો કરે તેવી શક્યતા છે. ગુજરાતમાં ક્યારેય ત્રીજો પક્ષ સફળ થયો નથી તે વાત હવે જૂની થવા જઈ રહી છે. ગુજરાતમાં ત્રીજા પક્ષ તરીકે ઓફિશિયલ રીતે આમ આદમી પાર્ટીની એન્ટ્રી થઈ ગઈ છે. સુરતમાં આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને સુરતના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે અને તેઓ રોડ શો કરવા સુરત આવશે. આમ આદમી પાર્ટીએ સુરતમાં ખાતું ખોલાવતા ૨૭થી વધારે બેઠકો પર વિજય મેળવ્યો છે.

## રાષ્ટ્રપતિના હસ્તે આજે મોટેરા ક્રિકેટ સ્ટેડિયમનું ભવ્ય ઉદ્ઘાટન

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૩



રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવ્યા છે ત્યારે અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓનું ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ એરપોર્ટથી સીધા ગાંધીનગર રાજભવન જવા રવાના થયા હતા તો આજે ૪ વાગ્યે સેન્ટલ યુનિવર્સિટીના પદવીદાન કાર્યક્રમમાં તેઓ હાજરી આપશે સાથે જ આવતીકાલે મોટેરા સ્ટેડિયમના કાર્યક્રમમાં પણ હાજર રહેશે તો મોટેરામાં કાર્યક્રમ બાદ દિલ્હી પરત ફરશે.

૨૪મી તારીખે તેઓ બપોરે ૧૨:૩૦ વાગ્યે મોટેરા સ્ટેડિયમ પ્હોચશે. તેઓ બપોરે ૦૧:૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જવા માટે રવાના થશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ઉપસ્થિત રહેનાર છે. ૨૪ તારીખના કાર્યક્રમ માટે પોલીસને હાઈએલર્ટ પર મુકવામાં આવી છે તેની સાથોસાથ કોરોના સંદર્ભે વિશેષ તકેદારી શરૂ કરવામાં આવી છે.









## શબનમની ફાંસી મુલત્વી : ડેથ વોરેન્ટ માટે અદાલતનો ઈન્કાર

(જી.એન.એસ.)અમરોહા,તા.૨૩

અમરોહાના બહુચર્ચિત બાવનખેડી હત્યાકાંડની મુખ્ય આરોપી શબનમની ફાંસી એકવાર ફરી અટકી ગઈ છે. અમરોહામાં ડિસ્ટ્રિક્ટ કોર્ટે પ્રોસિક્યુશન પાસેથી આરોપીની વિગત માંગી હતી પરંતુ આરોપી શબનમે રાજ્યપાલને માફી અરજી દાખલ કરી દેતા ફાંસીની સજા માટે તારીખ નક્કી કરી શકાઈ ન હતી. આરોપી શબનમની ફાંસીને લઈને મંગળવારે જીલ્લા કોર્ટમાં સુનાવણી થઈ હતી, જે દરમિયાન માનવામાં આવી રહ્યું હતું કે કોર્ટમાં શબનમની રિપોર્ટ સોંપવામાં આવશે અને એમાં કોઈ અરજી પેન્ડિંગ નહીં હોય તો તેની ફાંસીની સજાની તારીખ નક્કી કરવામાં આવશે, પરંતુ શબનમના વકીલે થોડા દિવસ પહેલા જ રાજ્યપાલ સમક્ષ માફી અરજી દાખલ કરી દીધી હતી.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)